
# પ્રાગજી ભક્ત

## (ભગતજી મહારાજ)

# અનુક્રમણિકા


૧. જન્મ અને બાળચરિત્રો ........ ૧
૨. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના યોગમાં ........ ૩
૩. જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામી પાસે ........ ૬
૪. અક્ષરપાત્રની વરણી ........ ૬
૫. અક્ષરવરની માગણી ........ ૮
૬. ગુરુવચને ચૂરેચૂરા ........ ૯
૭. અડસઠ તીરથ સદ્‌ગુરુ ચરણમાં ........ ૧૩
૮. સાધુનો કસબ ........ ૧૭
૯. થોરે કેળાં ........ ૧૮
૧૦. સાક્ષાત્કાર ........ ૧૯
૧૧. ‘અક્ષરધામની કૂંચી પ્રાગજીને આપી છે’ ........ ૨૧
૧૨. અક્ષરજ્ઞાનનો ઉદ્‌ઘોષ ........ ૨૩
૧૩. ઉપાધિની શરૂઆત ........ ૨૫
૧૪. સત્સંગમાં કુસંગ ........ ૨૭
૧૫. સત્સંગમાંથી વિમુખ ........ ૨૯
૧૬. પ્રાગજી ભક્ત દ્વારા પ્રગટપણું ........ ૩૦
૧૭. સત્સંગમાં સ્વીકૃતિ ........ ૩૧
૧૮. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના ગુરુપદે ........ ૩૪
૧૯. ‘મને સ્વામિનારાયણ વળગ્યા છે’ ........ ૩૫
૨૦. ભગતજીના સંતોને ઉપાધિ ........ ૩૭
૨૧. એકાંતનું સુખ ........ ૩૯
૨૨. વનવાસમાંથી મુક્તિ ........ ૪૧
૨૩. વાંસદાના દીવાનને સત્સંગ ........ ૪૨
૨૪. અમદાવાદમાં જ્ઞાનયજ્ઞ ........ ૪૪
૨૫. ભગતજીનું આકર્ષણ ........ ૪૬
૨૬. ગઢડામાં જળઝીલણીનો સમૈયો ........ ૪૮
૨૭. જૂનાગઢમાં અપૂર્વ સન્માન ........ ૫૦
૨૮. અંતિમ લીલા ........ ૫૫
૨૯. ઐશ્વર્ય દર્શન ........ ૫૭



# ૧. જન્મ અને બાળચરિત્રો

મંદિરના ચોગાનમાં કેટલાંક બાળકો કુંડાળે વળીને રામધૂન મચાવતાં હતાં. બધાની વચ્ચે એક રૂપાળો બાળક નાચતો-કૂદતો રામનામ બોલતો હતો. બરાબર આ જ સમયે મંદિરમાં દર્શને આવતા-જતા કેટલાય લોકો તો આ બાળકની લગની જોઈને જ ત્યાં થંભી ગયા. થોડી વારે બાળકો શાંત થયાં. સૌએ જોયું તો મહુવામાં 'ભગત' તરીકે ઓળખાતા ગોવિંદભાઈનો સુપુત્ર પ્રાગજી આ બાળમંડળીનો નેતા હતો.

આ લક્ષ્મીનારાયણ મંદિરમાં હંમેશાં પ્રાગજી ભક્ત પોતાના બાળમિત્રો સાથે આવતા.

આ જ જગ્યામાં શ્રીજીમહારાજ નીલકંઠ વર્ણીના વેષે પધારેલા અને પીપળા નીચે હનુમાનજીની દેરી આગળ ત્રણ દિવસ રોકાયેલા. આ જ હનુમાનજીની બાળક પ્રાગજી ભક્ત હંમેશાં સેવા કરતા.

આ મંદિરના મહંત સૂર્યભારથિ પણ આ બાળકની ભક્તિથી પ્રસન્ન થતા. પ્રાગજી ભક્ત તેમની સેવા કરતા, તેમની પાસે બેસીને શાંતિથી રામકથા સાંભળતા અને રામાયણનાં અદ્‌ભુત પાત્રોના ઉચ્ચ આદર્શોનું મંથન કરતા.

સૌરાષ્ટ્રના સાગરકાંઠાની હરિયાળી ભૂમિ મહુવામાં આ બાળભક્તનો જન્મ સંવત ૧૮૮૫ના ફાગણ સુદ પૂનમે, દરજી કુટુંબમાં થયો.

બાળકની મુખાકૃતિ મનોહર હતી, અંગેઅંગની શોભા પણ અતિ સુંદર હતી. આવું એનું રૂપ જોઈને બાળભક્ત સૌ કોઈના લાડકોડનું પાત્ર બન્યા હતા.

બાળભક્તને નિશાળે બેસાડ્યા, પણ અત્યંત ચંચળ હોવાથી ઘણી વાર તેઓ નિશાળેથી બાળકો સાથે મહુવાને પાદર વહેતી માલણ નદીને કાંઠે ભાગી જતા.

અહીં નદીના પટમાં બેસીને તેઓ પોતાના બાળમિત્રોને કહેતા : 'હું તો બધું ભણેલો છું. આપણે તો પ્રભુ ભજવા ને ભજાવવા છે.'



નાનાં બાળકો હંમેશાં તેમને વીંટળાઈને ફરતાં. સ્વાભાવિકપણે સૌનું મન પ્રાગજી ભક્ત તરફ ખેંચાતું.

એક દિવસ ઉત્સવના પ્રસંગે ઘરમાં જમણવાર હતો. બાળક પ્રાગજી ભક્તે માતાને કહ્યું : 'મા ! મને ભૂખ લાગી છે, ખાવા આપ.'

કુળદેવીને નૈવેદ્ય ધરાવવાનો બાકી હતો તેથી માતાએ ના પાડી. પછી મા કંઈ કામ માટે બહાર ગયાં, એટલામાં પ્રાગજી ભક્ત રસોડામાં પેસી ગયા. સાત શેર ભાર જેટલું ચૂરમું બનાવ્યું હતું તે બધું જમી ગયા અને માળિયા ઉપર જઈને સૂતા. માતાએ આવીને જોયું તો ચૂરમું ન મળે. એમને ફાળ પડી. બધાને પૂછ્યું. કદાચ કોઈ કૂતરું તો નહીં ખાઈ ગયું હોય !

ત્યાં પ્રાગજી ભક્તે ઉપરથી બૂમ પાડી : 'ચૂરમું મેં ખાધું છે.'

મોટાભાઈ તરત જ તેમને પકડવા દોડ્યા પણ આ બાળભક્ત પરસાળમાં કૂદકો મારી નાસી ગયા.

આ વાત વાયુવેગે ગામમાં પ્રસરી કે નાનકડા પ્રાગજી ભક્તે સાત શેરનું ચૂરમું ખાધું. સૌને થયું કે 'આ ચમત્કારી બાળક છે.'

મહુવાના સ્વામિનારાયણ મંદિરમાં એક સમર્થ સંત સદ્‌ગુરુ યોગાનંદ

સ્વામી પધારેલા. સંતસેવાના અનુરાગી પ્રાગજી ભક્તને એમનો ભેટો થયો. એમનાં દર્શનથી જ અંતરમાં શાંતિ થઈ ગઈ. પ્રાગજી ભક્ત તેમની પાસે વર્તમાન લઈ સત્સંગી બન્યા.

પછી તો તેઓ ઘણું ખરું મંદિરમાં જ રહેતા અને સંતોની સેવા કરતા. એક વખત તો ઘરમાંથી માતાના સાળુનો (શેલું) કિંમતી પાલવ વેચીને સંતોને રસોઈ આપી. તેમની આવી સેવાયુક્ત પ્રેમાળવૃત્તિથી પ્રેરાઈને યોગાનંદ સ્વામીએ કહેલું કે 'આ મહાન ભક્ત બનશે.'

## ૨. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના યોગમાં

તે અરસામાં મહુવા પાસે પીઠવડી ગામમાં આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીની પધરામણી થઈ. આચાર્ય મહારાજ અને સ્વામીની પૂજા કરવા માટે પીઠવડીના રાઠોડ ભક્તોએ, મહુવાથી પ્રાગજી ભક્તને બોલાવ્યા હતા. સંપ્રદાયની મર્યાદા પ્રમાણે પવિત્ર સંતો-હરિભક્તોની વિશાળ સત્સંગ સભા બેઠી હતી. સુંદર વસ્ત્રો પહેરી દસ વર્ષના પ્રાગજી ભક્ત નિધડકતાથી સભામાં આવ્યા અને આચાર્ય મહારાજ તથા સંતોને સાષ્ટાંગ પ્રણામ કરી, પૂજા કરી, આરતી ઉતારી. ત્યારે આ બાળક ઉપર આચાર્ય મહારાજની દૃષ્ટિ પડી ગઈ. હરિભક્તોએ આ બાળભક્તની ઓળખાણ આપી.

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી તો આ બાળક તરફ ક્યારના જોઈ રહ્યા હતા. તેઓ બોલ્યા કે 'આ તો પૂર્વના ભક્ત છે.'

હરિભક્તોએ જિજ્ઞાસાથી વિશેષ પૂછ્યું. ત્યારે સ્વામીએ કહ્યું : 'આ તો બહુ સમર્થ છે ને હજારોને પ્રભુ ભજાવશે.'

આથી, સૌને આ બાળક પ્રત્યે વિશેષ પ્રેમ થયો.

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીની તેજસ્વી મૂર્તિમાં પ્રાગજી ભક્તને સહજ હેત થઈ ગયું. ત્યારથી તેઓ મહુવાના ઝીણાભાઈ રાઠોડ સાથે સ્વામીનો સમાગમ કરવા વર્ષોવર્ષ વરતાલ જતા. રસ્તામાં તેઓ વયોવૃદ્ધ ઝીણાભાઈની ખૂબ ભાવથી સેવા કરતા.

વરતાલમાં તેઓ સ્વામીની બાજુમાં જ પોતાનું આસન રાખતા. ચણા ને ગોળ ખાઈ લેતા. સ્વામીની ખૂબ સેવા કરતા અને શ્રદ્ધાથી એમની વાતો



સાંભળતા. ધીરે ધીરે પ્રાગજી ભક્તને ગોપાળાનંદ સ્વામીમાં હેત વધવા લાગ્યું. આથી, સત્સંગનો ખપ વધ્યો. 'સ્વામી પાસે અખંડ કેમ રહેવાય' એવી ઈચ્છા રહેવા લાગી. એક દિવસ આ જ પ્રશ્ન એમણે સ્વામીને પૂછ્યો. ત્યારે સ્વામીએ કહ્યું: 'શ્રીજીમહારાજને સર્વ અવતારના અવતારી જાણે અને આ ગુણાતીતાનંદ સ્વામીમાં જીવ જોડી દે તો ત્યાગી રહે અથવા ગૃહસ્થ રહે તો પણ અમારી અને મહારાજની સાથે અખંડ ભેગા રહેવાય.'

આ વાતથી પ્રાગજી ભક્તને શ્રીજીમહારાજના પરમ ભક્ત ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા સમજાયો. પણ ત્યારે તો ગોપાળાનંદ સ્વામીમાં જ અતિશય હેત થઈ ગયું હતું, તેથી તે બાબત લક્ષમાં લીધી નહીં.

સ્વામીમાં અસાધારણ પ્રેમને લીધે પ્રાગજી ભક્તને ત્યાગી થવાનો સંકલ્પ થવા લાગ્યો, પણ સ્વામીએ તેમને સંસારમાં જ રહીને સત્સંગ કરાવવાની આજ્ઞા કરી.


એક વાર પ્રાગજી ભક્ત મહુવાથી મુંબઈ જઈને થોડું કામ શીખી આવ્યા. પછી આચાર્ય મહારાજ માટે સુંદર મોજાં અને અંગરખું બનાવી, વરતાલ આવી તેમનાં ચરણોમાં ભેટ ધર્યાં. આચાર્ય મહારાજ બહુ રાજી થયા.

પ્રેમમગ્ન પ્રાગજી ભક્ત ક્યારેક ગોપાળાનંદ સ્વામીનું વિસ્મરણ થઈ જતાં મનમાં ગ્લાનિ પામી જતા. તેથી ગુણાતીતાનંદ સ્વામી તેમને કહેતા: 'તું સાધુને સેવીને જ્ઞાન પામીશ પછી વ્યવહારમાં રહેવા છતાં ભગવાન અને સંતને ભૂલી શકીશ નહીં!'

અતિશય પ્રેમ ઉભરાઈ જતાં એક વાર ગોપાળાનંદ સ્વામીએ પ્રાગજી ભક્તને કહ્યું હતું કે 'પ્રાગજી! તું જૂનેગઢ જજે. મેં તને જે કોલ આપ્યા છે, તે ત્યાં પૂરા થશે!'

સંવત ૧૯૦૮માં સ્વામીએ વરતાલમાં માંદગી ગ્રહણ કરી. ત્યારે વડોદરાના હરિભક્તોએ સ્વામીને વડોદરા સામી દૃષ્ટિ કરવા વિનંતી કરી. તે વખતે સ્વામી બોલ્યા: 'હવે તો અક્ષરધામમાં મહારાજ સામે દૃષ્ટિ હોય અથવા જૂનાગઢના જોગી સામે દૃષ્ટિ હોય.'

જ્યારે પ્રાગજી ભક્તે સ્વામીને આ વાતનું રહસ્ય પૂછ્યું, ત્યારે તેમણે એટલું જ કહ્યું: 'જૂનાગઢના જોગી ગુણાતીતાનંદ સ્વામી મહારાજને રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે. શ્રીજીમહારાજ તેમનાથી અણુમાત્ર છેટા નથી. તું પણ



તેમની પાસે જજે.' એમ કહી વૈશાખ વદ ચોથે સ્વામી ધામમાં પધાર્યા.

## ૩. જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામી પાસે

પ્રાગજી ભક્ત ગોપાળાનંદ સ્વામીમય બની ગયા હતા. તેથી સ્વામીનો વિરહ તેમને અસહ્ય લાગ્યો. ખૂબ અશાંતિ રહેવા લાગી. વરતાલથી તેઓ ગઢડા આવ્યા. અહીં સિદ્ધાનંદ સ્વામી પ્રાગજી ભક્તને સાંત્વન આપી જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામી પાસે લઈ આવ્યા.

'આ વનનું મૃગલું ક્યાંથી આવ્યું ?' જૂનાગઢ મંદિરમાં આવેલા પ્રાગજી ભક્તને જોઈને ગુણાતીતાનંદ સ્વામી એકાએક બોલી ઊઠ્યા. સ્વામીએ વાત્સલ્યથી પ્રાગજીને આવકાર આપ્યો.

પ્રાગજી ભક્તને પણ અંતરમાં શાંતિનો શેરડો પડ્યો. સ્વામીના સાંનિધ્યમાં તેમનું મન ઠર્યું. 'જૂનાગઢ જજે' એવા ગોપાળાનંદ સ્વામીના શબ્દો સાંભરી આવ્યા. અંતર ઠારી દે એવી ગુણાતીતાનંદ સ્વામીની સાધુતા જોઈને પ્રાગજી ભક્તને તેમનામાં તુરત જ પ્રીતિ થઈ ગઈ. શ્રીજીમહારાજના પુરુષોત્તમપણાની અને બ્રહ્મરૂપ થવાની સ્વામીની સચોટ વાતોથી પ્રાગજી ભક્તનું અંતર રંગાઈ ગયું. તેમને જૂનાગઢમાં રહી સ્વામીનો સમાગમ કરી લેવાની તમન્ના જાગી. વર્ષમાં આઠ મહિના સ્વામી પાસે રહેવા લાગ્યા.

વરતાલમાં સંવત ૧૯૧૧ની સાલમાં સાત માસ રહી સ્વામીએ સ્વરૂપનિષ્ઠાની અને એકાંતિક ધર્મની અદ્‌ભુત વાતો કરી. પ્રાગજી ભક્ત સ્વામીના શબ્દો અધ્ધર ઝીલતા અને મોટા મોટા સંતો-હરિભક્તો પાસે તે બધી વાતો રોજ ફરીથી કરતા. વળી, ગુણાતીતાનંદ સ્વામી અક્ષરનો અવતાર છે અને મહારાજને રહેવાનું ધામ છે તે મર્મ પણ સાથે વાતમાં મૂકી દેતા.

## ૪. અક્ષરપાત્રની વરણી


એક વખત વરતાલના સમૈયે ન પહોંચી શકવાથી સ્વામીનાં દર્શન માટે પ્રાગજી ભક્ત ફરતાં ફરતાં સારંગપુર આવ્યા. સ્વામી ખાંભડે હતા. તેથી મોડી રાત્રે મહામુશ્કેલીએ તેઓ ખાંભડે પહોંચ્યા.

સ્વામી તો પ્રાગજી ભક્તને જોઈને અતિશય રાજી થયા, કારણ તે જ વખતે સ્વામી પ્રાગજી ભક્તને જ સંભારતા હતા. પોતાને ભૂખ લાગી છે

એવું બહાનું કાઢી સ્વામીએ સેવક પાસે રોટલો મંગાવ્યો અને થોડું જમી, પ્રસાદી પ્રાગજી ભક્તને આપી, પ્રેમથી જમાડ્યા.

વહેલી સવારે સ્વામી ખાંભડાથી સારંગપુર જવા નીકળ્યા. સારંગપુરને પાદર નારાયણ કુંડે સ્વામી ગાડામાંથી ઊતરી નાહવા પધાર્યા.

શૌચ જઈને આવ્યા એટલે પ્રાગજી ભક્ત સ્વામીને હાથ ધોવડાવવા લાગ્યા. તે વખતે એકાંત જોઈને સ્વામીએ હૃદયની વાત પ્રગટ કરતાં કહ્યું: 'પ્રાગજી ! હૈયામાં જ્ઞાન તો ઘણું ભર્યું છે પણ કોઈ ઝીલનાર પાત્ર નથી.'



'સ્વામી ! એ જ્ઞાન મને ન આપો ?' પ્રાગજી ભક્તે સમય વરતી, સ્વામીનો ભાવ જોઈ પોતાની તત્પરતા બતાવી.

'એ તો જે મરણિયો થાય અને દેહ-ઇન્દ્રિયોના ચૂરેચૂરા કરી અમારી પાસે રહે તેને મળે.' સ્વામીએ હસતાં હસતાં કહ્યું.

પ્રાગજી ભક્તના હૃદયમાં ચોટ લાગી ગઈ અને સ્વામીને રાજી કરી લેવાની તેમણે મનમાં ગાંઠ વાળી. પોતાનો રાજીપો દર્શાવતાં સ્વામીએ પણ તેમને યોગ્ય પાત્ર ગણી અંતરના આશીર્વાદ આપ્યા.

## ૫. અક્ષરવરની માગણી

પ્રાગજી ભક્ત જ્યારે મહુવા પધારતા ત્યારે મંદિરમાં હરિભક્તોને શ્રીજીમહારાજના સર્વોપરીપણાની અને ગુણાતીતાનંદ સ્વામીના અક્ષરપણાની બળભરી વાતો કરતા.

તે પછી સંવત ૧૯૧૬માં ગઢપુરમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવી ત્યારે પ્રાગજી ભક્તે ગોપીનાથજી મહારાજ અને હરિકૃષ્ણ મહારાજની મૂર્તિઓ માટે સુંદર વાઘા બનાવ્યા અને આચાર્ય રઘુવીરજી મહારાજને રાજી કર્યા.

તે જ વરસે જૂનાગઢમાં પણ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા થઈ ત્યારે પણ પ્રાગજી ભક્તે હરિભક્તો પાસે સેવા કરાવીને ઠાકોરજીના જરિયાન સુશોભિત વાઘા તૈયાર કર્યા.

સેવા સાથે વ્યાવહારિક બુદ્ધિની કુશાગ્રતાથી સ્વામી પ્રાગજી ભક્ત ઉપર અત્યંત રાજી થયા.

અખંડ ભજન કરતાં કરતાં ક્રિયા કરવાનો પ્રાગજી ભક્તે અભ્યાસ પાડ્યો હતો; પણ ક્યારેક તેમાં ફેર પડતો ત્યારે તેમને બહુ દુઃખ થતું. આદર્શ સાધક તરીકે એક વખત પ્રાયશ્ચિત્તરૂપે તેમણે સ્વામીને પ્રાર્થના કરીને દેહમાં રોગ થાય એવી માગણી કરી. થોડા દિવસ શરીરે મંદવાડ રહ્યો. આ મંદવાડ દરમિયાન તેમણે સ્વામીમાં અખંડ વૃત્તિ જોડી દીધી અને ધીરે ધીરે એમનું જીવન સ્વામીમય બની ગયું.

બીજે વર્ષે ફૂલદોલના સમૈયા ઉપર આચાર્ય રઘુવીરજી મહારાજ જૂનાગઢ પધારવાના હતા. સ્વામીએ પ્રાગજી ભક્તને આજ્ઞા કરી કે 'સભામંડપમાં શોભે એવી વિશાળ ચંદની બનાવો.'

પ્રાગજી ભક્તે તો સ્વામીની મરજી જાણી હરિભક્તોને વાતો કરી સેવા ઉઘરાવી અને સારું ઘટ્ટ કપડું ખરીદી ચંદની સીવવાની તૈયારી કરી. તેમણે દિવસ-રાત કામ ઉપાડ્યું.

એવામાં એક વખત સ્વામી કામ જોવા આવ્યા તો તેઓ ભજન કરતાં કરતાં સીવતા હતા. તેમનો આવો વેગ જોઈ સ્વામી બહુ રાજી થયા. સ્વામીએ પ્રાગજી ભક્તને કંઈ માંગણી કરવા કહ્યું, પણ તેઓ કંઈ બોલ્યા નહીં. તેથી સ્વામી કહે: 'જા, તને ખૂબ રૂપિયા મળશે ને તું ઘેર રહી સંતોને સમાગમ કરજે.'

'સ્વામી! મેં તો ગોપાળાનંદ સ્વામી તથા આપના સમાગમથી એટલું તો જાણ્યું છે કે ધન અને સ્ત્રીમાં સુખ નથી. મને તો તમારું જ્ઞાન આપો, તમારું ઘર દેખાડો અને મારા જીવને સત્સંગી બનાવો.' પ્રાગજી ભક્તે સ્વામીને હાથ જોડી વિનંતી કરી.

આ વખતે સ્વામીએ તેમની કસોટી કરવા જગતસુખની ઘણી લાલચો બતાવી સમજાવ્યા. પણ હાથમાં આવેલી ચિંતામણિ પ્રાગજી ભક્ત કેમ જતી કરે? ત્રિલોકના સુખને પણ ઠોકરે મારવા તૈયાર થયેલા પ્રાગજી ભક્તને સ્વામીએ કહ્યું: 'એ ત્રણ વરદાન તો તું ઘર મૂકીને અહીં રહે ને મરણિયો થા તો તને મળે.'

તેમની ઉત્કૃષ્ટ શ્રદ્ધા જોઈ સ્વામીએ રાજી થઈ કોલ આપ્યો.

ઘણા દરજી દિવસો સુધી કામ કરે ત્યારે જે ચંદની થઈ શકે તે ફક્ત એક માસમાં જ પ્રાગજી ભક્તે તૈયાર કરી દીધી. આ સેવાથી પ્રાગજી ભક્તે સ્વામીની બહુ પ્રસન્નતા મેળવી.

## ૬. ગુરુવચને ચૂરેચૂરા

સ્વામીની અનુવૃત્તિ સમજી પ્રાગજી ભક્ત હવે ઘર છોડી જૂનાગઢ આવી સ્વામીની સેવામાં જ હાજર થઈ ગયા. સ્વામીએ મંદિરમાં નવી હવેલી બાંધવાનું કામ શરૂ કર્યું હતું. તેના પાયા ખોદવામાં પ્રાગજી ભક્તે તનતોડ મહેનત કરી. પછી સ્વામીની આજ્ઞાથી રેતી ધોઈને પાયામાં નાખવાનું કપરું કામ તેમણે એકલે હાથે પાર પાડ્યું. દરેક સેવાના પ્રસંગે સ્વામી રાજીપો બતાવે તેથી તેમને અધિક બળ મળે.



હવે ચૂનો બનાવવાની વાત આવી. સૌને હાથ-પગ ફાટવાની અને આંધળા થઈ જવાની બીક લાગી. તેથી કોઈ તૈયાર ન થયું. સ્વામીની મરજીથી પ્રાગજી ભક્ત કટિબદ્ધ થઈ ગયા.

મોટા મોટા ચૂનાના કોથળા ખભે ઊંચકી લાવે. હવાડામાં ચૂનો ને પાણી ભેગાં કરી પોતે પગથી કચરે. સ્વામીને રાજી કરવાની મહેચ્છાથી સૌના પ્રત્યે દિવ્યભાવ રાખી પ્રાગજી ભક્ત સેવામાં ઓતપ્રોત થઈ ગયા. હોંશે હોંશે સેવા કરતા જાય અને કોઈ કહે કે 'પ્રાગજી ! ચૂનાના છેરથી આંધળો થઈશ.'

ત્યારે પોતે જવાબ આપતા : 'સ્વામી ઉપર મારો દેહ કુરબાન છે, મારે તો એમને રાજી કરવા છે.'

આટલી બધી સેવા કરવા છતાં સ્વામી એક વખત પ્રાગજી ભક્તને કહે : 'તું દેહે કરીને મહેનત કરે છે પણ તપ વગર દેહનું બળ ઘટશે નહીં.' તેથી બે દિવસ ઉપવાસ ને ત્રીજે દિવસ એક વખત જમવું – એવું મહાતપ સ્વામીના વચને તેમણે શરૂ કર્યું.

સેવા તો આખો દિવસ કરવાની. એમાંથી સહેજ નવરાશ મળે તો સ્વામી પાસે બેસીને વાતો સાંભળે. રાત્રે પણ સ્વામીનો સમાગમ કરે. ક્યારેક એકાદ કલાક સ્વામીની આજ્ઞાથી ગોરખ આસન વાળીને સૂવે, પણ લાંબા પગ કરવાની તો વાત જ નહીં.

આ પ્રકારની અપાર સેવા અને ભક્તિથી સ્વામી પ્રાગજી ભક્ત ઉપર પ્રસન્ન થઈ ગયા. ઘણી વાર 'વચનામૃત'ના શ્રીજીમહારાજના અભિપ્રાયો સ્વામી તેમને સમજાવતા અને યોગની ગહન પ્રક્રિયા પણ શીખવતા. પ્રાગજી ભક્તને તો એક જ તાન હતું કે સ્વામીની મરજી સાચવી લેવી. તેમની આજ્ઞા અધ્ધર ઝીલવી.

કેટલાક પ્રસંગે સ્વામી એમની કસોટી પણ કરતા. એક વાર સ્વામીએ કહ્યું : 'પ્રાગજી ! ચૂનાની ભઠ્ઠી કાઢવી છે તે બસો પાવડા ને પાંચસો ટોપલા તૈયાર કર.'

'હા' પાડતાં તેઓએ તરત મંદિરમાંથી થોડા ઘણા પાવડા ને ટોપલા ભેગા કરી સ્વામી પાસે હાજર કર્યા. પણ સ્વામી સામે એવી દલીલ ન કરી કે 'મંદિરમાં ક્યાં એટલાં બધાં સાધન છે ?' કારણ તેઓ જાણતા હતા કે સ્વામી તો સર્વજ્ઞ પુરુષ છે. માટે એમનામાં વિશ્વાસ રાખી, આજ્ઞા પાળવી, એ જ

મારું કર્તવ્ય છે.

બીજા એવા એક પ્રસંગે સ્વામીએ અણધારી આજ્ઞા કરી: 'પ્રાગજી! જરા ગિરનારને બોલાવી લાવને, બીચારો તપ કરે છે તે એનું કલ્યાણ કરીએ.'

સ્વામીની આજ્ઞા મળતાં જ તેઓ ગિરનારને બોલાવવા દોડ્યા. તે વખતે કેટલાકે ટીકા કરી કે 'ગિરનાર તે કંઈ આવતો હશે? આજ્ઞા પાળવામાં વિવેક જોઈએ.'

તે સાંભળી પ્રાગજી ભક્તે કહ્યું: 'ધર્મ વિરુદ્ધની આજ્ઞા સિવાય ગુરુની દરેક આજ્ઞા અવિચારીપણે (વિચાર્યા વગર) તત્કાળ પાળવી એ સાચા શિષ્યનો ધર્મ છે. હું ગિરનારની પાસે જઈને સાદ પાડીશ, પછી એને આવવું હોય તો આવે.'

એમની આવી અડગ શ્રદ્ધા હતી!!

પ્રાગજી ભક્તે ત્રણ દિવસ અવિરત મહેનત કરી ચૂનાની ભઠ્ઠી કાઢી અને ત્રણ દિવસ પાછી એટલા જ શ્રમથી ભઠ્ઠી ભરી. સ્વામી બહુ રાજી થયા. તેમને બે-ત્રણ વાર ભેટ્યા અને માથે હાથ મૂક્યા.

પ્રાગજી ભક્તને આંખમાં પ્રેમાશ્રુ આવી ગયાં: 'આ કેવાં મહત્ ભાગ્ય કે સાક્ષાત્ સ્વામી પોતાને ભેટે અને લાડ લડાવે!' આમ, તેઓ મનોમન વિચારવા લાગ્યા.

એમની અંતર્વૃત્તિ અખંડ સ્વામીમાં જ જોડાયેલી હતી. નાના નાના પ્રસંગોમાં પણ સૌને એની પ્રતીતિ થતી.

એક વખત જૂનાગઢ નજીક સાંખડાવદરના બીડમાં સંતો તથા હરિભક્તો સાથે સ્વામી ખડ વાઢવા ગયા હતા. તે વખતે વરસાદ પડ્યો. તરત જ પ્રાગજી ભક્તે બે ચાદરો સાંધીને મોટો ચોફાળ કરી, છત્રી કરી અને સ્વામીને તેની નીચે પધરાવ્યા.

સ્વામી બહુ રાજી થયા ને બોલ્યા: 'મોટાપુરુષને વિષે આત્મબુદ્ધિ, અનુવૃત્તિ અને સેવા એ ત્રણ વાતમાં જ કલ્યાણ છે.'

જૂનાગઢ મંદિરમાં એક કરસન નામનો વાળંદ બધા સંતોનું વતું (હજામત) કરતો હતો. તેણે માથા દીઠ એક પૈસાનો ભાવ વધાર્યો. એટલે સ્વામીએ તેને ના પાડી.

થોડા દિવસમાં તો હજામત વધવાથી સાધુઓ બધા અકળાવા લાગ્યા.

એટલે સૌનું વતું કરવા માટે સ્વામીએ પ્રાગજી ભક્તને આજ્ઞા કરી. આજ્ઞામાં ટૂક ટૂક તેઓ તરત તૈયાર થયા ને આવી હલકી સેવા પણ સ્વામીના વચને વધાવી લીધી. ગામમાંથી અસ્ત્રો વગેરે લાવી સૌપ્રથમ સ્વામીનું વતું કર્યું અને પછી છ માસ સુધી દરેક સંતનું વતું કર્યું. વળી, વાળંદ તરીકેની મશાલ ઉપાડવાની સેવા પણ પોતે જ કરતા. સ્વામી બહુ રાજી થતા અને હંમેશાં પોતાના પત્તરની પ્રસાદી તેમને આપતા.

## ૭. અડસઠ તીરથ સદ્‌ગુરુ ચરણમાં


મંદિરમાં અનેક પ્રકારની ક્રિયા – વાળંદની, દરજીની, કડિયાની, સુથારની, લુહારની, વેરણિયાની – પ્રાગજી ભક્ત સ્વામીને રાજી કરવા કરતા. વળી, સ્વામી પાસે અખંડ કથા ચાલતી. રાત્રે છેલ્લી કથા વાંચવાનો વારો એમનો રહેતો. પછી સ્વામી પોઢી જાય એટલે મોડી રાત સુધી પોતે સ્વામીના પગ દાબતા. મધરાતે સ્વામી લઘુ કરવા ઊઠે ત્યારે પોતે પણ સાથે ઊઠે અને દીવો પ્રગટાવી અજવાળું કરે, સ્વામીના હાથ ધોવરાવે અને આસને લાવીને સૂવરાવે. અંતરમાં અખંડ ભજન થતું હોવા છતાં પ્રાગજી ભક્તને સ્વામીનાં પ્રત્યક્ષ દર્શન-સેવાની આમ ખૂબ તાણ રહેતી.

ગુણાતીતાનંદ સ્વામી પોતે મંદિરના મહંત હતા છતાં પોતે પણ મંદિરની અમુક ક્રિયાઓ જાતે કરતા. તેથી પોતે બહુ કથાવાર્તા કરી શકતા નહીં તેનું સ્વામીને દુઃખ થતું. પ્રાગજી ભક્ત સ્વામીની આ મુશ્કેલી સમજી ગયા ને નમ્રતાથી કહ્યું: 'આપના ભાગની મંદિરની ક્રિયા હું કરીશ પણ આપ સભામંડપમાં બેસી અખંડ કથા વાર્તા કરો.'

આ સાંભળી સ્વામી રાજી થઈ ગયા અને કહે: 'તારે માથે તો ત્રેવીસ કલાકની ક્રિયા છે. તે મારા ભાગની ક્રિયા કેવી રીતે કરીશ?'

પરંતુ સ્વામીને વિષે અપાર હેતને કારણે પ્રાગજી ભક્તને તો પોતાના દેહની પરવા જ ન હતી.

આ અરસામાં હવેલીનું ચણતરકામ ચાલુ હતું. ચણતર માટેના પથરા મંદિર બહાર પડ્યા હતા. તેના ઉપર એક કૂતરું મરી ગયું હતું. બધાને એમ કે ભંગી આવશે ને ઉપાડશે. ત્યારે સ્વામીએ પ્રાગજી ભક્તને પૂછ્યું: 'બહારથી આ પથરા આવતા કેમ બંધ થઈ ગયા?'



તેમણે બહાર જઈને જોયું તો પથરાના ઢગલા ઉપર મરેલું કૂતરું પડેલું. આથી, તેમને વિચાર આવ્યો કે 'સ્વામીએ મને પૂછ્યું એટલે મારે જ હવે આ કૂતરું ખસેડવું જોઈએ. તો જ કામ આગળ ચાલશે.'

પોતે કપડાં બદલીને મરેલા કૂતરાને ઠેકાણે મૂકી આવ્યા અને નાહીને મંદિરમાં આવ્યા. કામ ચાલતું થયું.

સ્વામી રાજી થયા. કેટલાકે સોગિયું મોઢું પણ કર્યું, તો કેટલાકે ટીકા પણ કરી. ત્યારે સ્વામી બોલ્યા: 'જીવપ્રાણીમાત્ર ચામડાં જ ચૂંથે છે. પ્રાગજીએ તો મારી મરજી જાણીને મરેલા કૂતરાને ખસેડ્યું ને કામ ચાલતું કરાવ્યું, એમાં ખોટું શું કર્યું ?'

એક વખત અન્નકૂટના ઉત્સવ પછી પ્રાગજી ભક્ત મંદિરનાં બધાં વાસણો સાફ કરતા હતા. તે એંઠવાડનું પાણી બધું એક કૂંડીમાં ભેગું થયું હતું.

એટલામાં સ્વામી ત્યાં પધાર્યા ને કૂંડીની પાળી ઉપર પગ મૂક્યો. આથી, કૂંડીમાં વહેતાં એંઠવાડના પાણીને સ્વામીનાં ચરણનો સ્પર્શ થયો.

આ જોઈ એકાએક સ્વામીએ પૂછ્યું: 'પ્રાગજી ! અડસઠ તીરથ ક્યાં હશે ?'

પ્રાગજી ભક્ત સ્વામીના આ વચનનો મર્મ સમજી ગયા. જે એંઠવાડની કૂંડીમાં સ્વામીનાં ચરણ બૂડેલાં એ જ અડસઠ તીરથ છે – એમ સૂચવતાં પોતે એ કૂંડીમાં કૂદી પડ્યા ને નાહ્યા.


સ્વામી તો જોઈ જ રહ્યા. પછી આજ્ઞા કરતાં બોલ્યા: 'પ્રાગજી ! હવે બહાર નીકળ અને ચોખ્ખા પાણીથી નાહી લે.'

આવી હતી પ્રાગજી ભક્તની ભક્તિની પરાકાષ્ઠા !

એક દિવસ માના ભગતે સ્વામીને કહ્યું: 'આ બીચારો પ્રાગજી સંસાર છોડીને ધ્યાન શીખવા આવ્યો છે. ત્યારે તમે તો તેની પાસે પથરા ઉપડાવી હદ ઉપરાંતની સેવા જ કરાવો છો.'

પ્રાગજી ભક્તના અંતરાત્મામાં ઝળહળતા પ્રકાશને જોવાની આ ભગત પાસે દૃષ્ટિ ન હતી ! આથી, સ્વામીએ તેમને કહ્યું: 'હું તો પથરા ઊંચકાવીશ ને ભગવાન આપીશ.'

સ્વામીની આ પ્રભાવયુક્ત વાણીથી માના ભગત મૌન બની ગયા.



## ૮. સાધુનો કસબ

એક વખત સાંખડાવદરના બીડમાં જતા રસ્તામાં માળિયા ગામે સ્વામી પધાર્યા. અહીં મંદિરના આંબાવાડિયામાં ઉતારો કર્યો. આંબા જોઈ સ્વામી એટલું બોલ્યા કે 'આ આંબા પાણી વગર સૂકાય છે.'

આ શબ્દો પ્રાગજી ભક્તે સાંભળ્યા. એટલે તરત બે દેગડા શોધીને પાસે વહેતી નદીમાંથી પાણી ભરી ભરીને તેઓ આંબાને પાવા લાગ્યા. દરેક આંબે ચાર-ચાર દેગડા પાણીના રેડ્યા.

લગભગ ત્રણસો આંબાને તેમણે આ રીતે પાણી પાયું. પરસેવો અને છલકાતા દેગડાના પાણીના રેલાથી બિલકુલ નાહી ગયેલા પ્રાગજી ભક્ત પછી સ્વામી પાસે આવ્યા.

આ બાજુ સ્વામી સભામાં વાતો કરતા હતા તે પણ પૂરી થઈ હતી; પણ સાચો રાજીપો તો સેવામાં જ છે તે સૌને સમજાવવા સ્વામીએ અતિશય રાજી થઈને તેમને કહ્યું: 'પ્રાગજી ! કંઈક પ્રશ્ન પૂછ.'

ત્યારે નિર્દોષભાવથી પ્રાગજી ભક્તે સ્વામીને પૂછ્યું: 'આ લોકના બધા કસબ (હુન્નર) મને આવડે છે, પણ સાધુનો કસબ મને શીખવાડો.'

સામાન્ય દેખાતા આ ભક્તના શાસ્ત્રમાત્રના સારરૂપ આવા અદ્‌ભુત પ્રશ્નથી સભા બધી સ્તબ્ધ થઈ ગઈ.

આ પ્રશ્નથી પ્રસન્ન થયેલા સ્વામી બોલ્યા: 'સાધુનો કસબ બહુ કઠણ છે. માન-અપમાનમાં સમતા વર્તે, કોઈનો અભાવ ન આવે, પંચવિષયમાંથી વૃત્તિ પાછી વળીને આત્માકારે થઈ અખંડ શ્રીજીમહારાજની મૂર્તિમાં રહે એ સાધુનો કસબ છે. એ કસબ જેણે સિદ્ધ કર્યો છે તેને ને ભગવાનને છેટું રહેતું નથી. એ ભક્ત અનંત જીવોના દોષ હરીને ભગવાનમાં સૌને જોડે એવો સમર્થ બને છે.'

સ્વામીના આ અમૃતવાણીના પ્રવાહમાં સભા લીન થઈ ગઈ હતી. મનજી ઠક્કર તથા નથુ પટેલે સ્વામીને કહ્યું: 'સ્વામી ! બહુ પારસાવ્યા[૧] ?'

'મારી અનુવૃત્તિ પ્રમાણે તન તોડીને આ પ્રાગજીએ સેવા કરી છે તે

---

૧. વાછરડાને જોઈ ગાય પારસાવે છે - આપોઆપ દૂધની ધારા છોડે છે. એવી રીતે અતિશય રાજીપો બતાવતો શબ્દપ્રયોગ.

રાજીપો કેમ ન થાય ?' સ્વામી બોલી ઊઠ્યા.

આમ, સ્વામીના આ અનહદ રાજીપાથી જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ આ ત્રણેય અવસ્થામાં પ્રાગજી ભક્તને અખંડ ભજન થવા લાગ્યું.

## ૯. થોરે કેળાં

ગણોદના અભેસિંહ બાપુને પણ એક વાર સ્વામીએ કહ્યું : 'દરબાર ! કેળે તો કેળાં આવે પણ આ તો થોરે કેળાં આવ્યાં. આ પેલો ચૂનો કાલવે છે તે છે તો દરજીનો છોકરો પણ યોગીઓને દુર્લભ એવો યોગ તેણે સિદ્ધ કર્યો છે. મન, ઈન્દ્રિયોને વશ કરીને ત્રણેય અવસ્થામાં અખંડ ભજન કરે છે.'

પ્રાગજી ભક્તની અપરંપાર સેવાને દરબાર જાણતા હતા. તેથી દરબારે કહ્યું : 'આપે એને સેવાનું ફળ આપ્યું.'

'ફળ તો હજુ હવે આપવાનું છે. પણ આ તો અનાદિનો ભક્ત છે, બીજા કોઈથી આવી સેવા બને નહીં.' સ્વામીએ પ્રાગજી ભક્તનો વિશેષ મહિમા દરબારને કહ્યો.

હુતાશનીના સમૈયા ઉપર હજારો સંતો, હરિભક્તોની સભામાં સ્વામીએ, શ્રીજીમહારાજના અભિપ્રાયની અને સંતસમાગમની બહુ વાતો કરી. પછી સૌને ફગવાની (ધાણી, દાળિયા ને ખજૂર) પ્રસાદી વહેંચી. ત્યારે પ્રાગજી ભક્તને જોયા નહીં તેથી સ્વામીએ તેમને બોલાવવા મોકલ્યા. પ્રાગજી ભક્ત આવ્યા એટલે સ્વામીએ તેમને પ્રસાદીના ગોંગડા (ફૂટ્યા વગરની ધાણી) વધ્યા હતા તે આપ્યા. પ્રાગજી ભક્ત તો રાજી રાજી થઈ ગયા.

ત્યારે મનજી ઠક્કરને એમ થયું કે 'સ્વામી રાજી થયા તે વખતે પ્રસાદીના નખ-કેશ માંગવાને બદલે આ તો ગોંગડામાં જ રાજી થઈ ગયો.'

સાક્ષાત્ ગુણાતીતની આવી પ્રસાદીનો મહિમા સૌને સમજાવવા પ્રાગજી ભક્ત સ્વામી પાસે આવ્યા અને પૂછ્યું : 'સ્વામી ! આ રાજીપાની પ્રસાદી છે ને ?'

'હા, અતિ રાજીપાની છે,' સ્વામીએ કહ્યું.

એટલે પ્રાગજી ભક્તે એક ગોંગડો મોઢામાં મૂક્યો ને સ્વામીને પૂછ્યું : 'સ્વામી ! કામ બળી ગયો ?'

સ્વામીએ હા પાડી. એમ એક પછી એક દાણા મોંમાં મૂકી સ્વામીને

પૂછે: 'સ્વામી ! બધા દોષ બળી ગયા ?'

'હા, ગયા,' સ્વામીએ હસતાં હસતાં કહ્યું. પછી સ્વામી બોલ્યા: 'વિઠ્ઠલનાથજીની પ્રસાદીના અડધા તલના દાણામાંથી ચોરાશી વૈષ્ણવ થયા, તો આ તો મહાપ્રસાદી છે. પ્રાગજી તો નિર્દોષ છે. એને તો મોટાપુરુષના સંબંધવાળી રજેરજનો મહિમા છે.'

## ૧૦. સાક્ષાત્કાર

શરીર અને મનના ચૂરેચૂરા કરી, સાડા ત્રણ વર્ષ સુધી નિર્દોષભાવથી અદ્ભુત સેવા કરનાર પ્રાગજી ભક્ત ઉપર સ્વામીનો અપાર રાજીપો વરસ્યો હતો. આ વાતની પ્રતીતિ કરાવતાં સ્વામીએ પ્રાગજી ભક્તને એકાંતમાં ધ્યાનમાં બેસાર્યા.

નવ દિવસના અંતે સ્વામીએ તેમને પૂછ્યું: 'કંઈ દેખાય છે ?'

પ્રાગજી ભક્તને અખંડ સ્વામીનાં દર્શન થતાં હતાં. સ્વામીએ તેમને સાવધાન રહેવાનું કહ્યું.


દસમા દિવસની રાત્રે તેમને ધ્યાનમાં અતિશય પ્રકાશ દેખાયો અને તેમાં શ્રીજીમહારાજની સૌમ્ય ને મનોહર મૂર્તિનાં દર્શન થયાં. શ્રીજીમહારાજે ભગવાં વસ્ત્ર ધારણ કર્યાં હતાં. આ અલૌકિક દર્શનથી હર્ષાશ્રુ સાથે પ્રાગજી ભક્ત આનંદથી પુલકિત થઈ ગયા. ઘણી વાર સુધી દર્શન રહ્યાં.

આ દિવ્ય અનુભવ થતાં પ્રાગજી ભક્તે ગદ્ગદ કંઠે મહારાજની સ્તુતિ કરી: 'હે સ્વામિન્ ! હે મહારાજ ! આપે મને ન્યાલ કર્યો છે. મારું કોઈ સાધન નહીં, છતાં કેવળ કૃપા કરીને આપે મને સાક્ષાત્ દર્શન આપ્યાં છે.'

આ સાંભળી મહારાજે હસતાં હસતાં કહ્યું: 'સ્વામીના પ્રતાપથી તને આ સુખ મળ્યું છે.' અને મહારાજ અદૃશ્ય થયા. પ્રાગજી ભક્તના અંતરમાં મહારાજની મૂર્તિ અખંડ દેખાવા લાગી.

એવામાં સ્વામી ત્યાં પધાર્યા. કૃતકૃત્ય થયેલા પ્રાગજી ભક્ત સ્વામીના ચરણોમાં નમી પડ્યા. તેમણે સ્વામીને પૂછ્યું: 'મહારાજે દિવ્ય દર્શન આપ્યાં પણ ભગવાં વસ્ત્રમાં કેમ દર્શન દીધાં હશે ?'

'એ તો સાધુરૂપે દર્શન દીધાં !' સ્વામીએ કહ્યું: 'હવે જો.' એમ કહી સ્વામીએ દૃષ્ટિ કરી ત્યાં પ્રાગજી ભક્તને ફરીથી દિવ્ય અક્ષરધામમાં



જરિયાન વસ્ત્ર તથા અલંકારે યુક્ત તેજોમય ને મનોહર મહારાજની મૂર્તિનાં દર્શન થયાં. મહારાજે કૃપાદૃષ્ટિ કરતાં કહ્યું: 'હું સ્વામીને વશ છું અને તેં સ્વામીને વશ કર્યા છે, તેથી આજથી હવે હું તને પણ વશ છું.'

પ્રાગજી ભક્તના આનંદની અવધિ ન રહી. સ્વામીનો આવો અપાર મહિમા ક્યારે પ્રગટ કરું? એવી તાલાવેલી તેમને લાગી.

આ રીતે પ્રાગજી ભક્તને ત્રણ વર્ષ પહેલાં આપેલો કોલ સ્વામીએ પૂરો કર્યો.

પાત્ર ઘડાઈ ગયું. બ્રહ્મરસથી પૂર્ણ થયું. સ્વામી પોતાનો ઐશ્વર્ય-પ્રતાપ પ્રાગજી ભક્ત દ્વારા જણાવવા લાગ્યા. સ્વામી કહેતા: 'આ પ્રાગજી આટલી બધી સેવા કરે છે ને અખંડ ભજન કરે છે તે એની ઇચ્છા નહીં હોય તો પણ સૌ એને ગુરુ કરશે.' એમ કહી પોતાના સર્વ આશ્રિતોના ગુરુપદે પ્રાગજી ભક્તને સ્થાપ્યા; અને સર્વજનોને ઉપદેશ આપી, પ્રાયશ્ચિત્ત આપી શુદ્ધ કરવાની પ્રાગજી ભક્તને સ્વામીએ આજ્ઞા કરી. વળી, સત્સંગમાં મૂળ અક્ષરનું સ્વરૂપ પ્રસિદ્ધ કરી સર્વ જીવોને અભયદાન આપવાની પણ સ્વામીએ તેમને આજ્ઞા આપી.

પારસ થકી પારસ બનેલા પ્રાગજી ભક્ત હવે નિર્ભય હતા. 'આ ગુણાતીતાનંદ સ્વામી એ જ મૂળ અક્ષરનો અવતાર છે ને મહારાજને રહેવાનું ધામ છે,' તેવો સ્વામીનો મહિમા સૌને સમજાવવાનું તેમણે શરૂ કર્યું. અંતર્યામી-પણે સૌના સંકલ્પ જાણીને, સ્વામી પાસે સૌને લાવીને પ્રાયશ્ચિત્ત અપાવવા લાગ્યા. આથી, સત્સંગમાં ઉદ્‌ઘોષ થયો કે સ્વામી પ્રાગજી ભક્તને વશ થઈ ગયા છે.

એવામાં પ્રાગજી ભક્તના પિતાશ્રી ધામમાં પધાર્યા. પ્રાગજી ભક્તની ઇચ્છા ન હતી. પણ સ્વામીની આજ્ઞાથી તેઓ ચાર વર્ષ પછી મહુવા પધાર્યા. અહીં મંદિરમાં જ રહ્યા અને મહુવાના હરિભક્તોને સ્વામીના મહિમાની-પ્રતાપની બહુ વાતો કરી.

## ૧૧. 'અક્ષરધામની કૂંચી પ્રાગજીને આપી છે'

સ્વામીની આજ્ઞાથી હવે પ્રાગજી ભક્ત સૌને કથાવાર્તા કરતા. આ રીતે સોરઠ દેશના હરિભક્તોને સ્વામી પોતાના મૂળ અક્ષરપણાનો સર્વોપરી


નિશ્ચય પ્રાગજી ભક્ત દ્વારા કરાવતા.

સમૈયામાં જૂનાગઢ મંદિરના સભામંડપ વચ્ચેના ચોકમાં ચંદની તળે બેસીને પ્રાગજી ભક્ત સ્વામીની આજ્ઞાથી વાતો કરતા. હરિભક્તો દર્શન કરવા આવે તેને સ્વામી કહે: 'મેં તો પેનશન (નિવૃત્તિ) લીધું છે ને વાતો સાંભળવી હોય તો ચોકમાં પ્રાગજી પાસે જાવ.' એમ કહી સ્વામી સૌને પ્રાગજી ભક્ત પાસે મોકલતા. હરિભક્તોને પણ તેમની વાતોથી ઘણી શાંતિ થતી.

એક વખત વરતાલથી અમઈદાસ કોઠારી, બેચર ભગત કોઠારી તથા બીજા પાંચ-સાત પાળા (પાર્ષદ) જૂનાગઢ સ્વામીની વાતો સાંભળવા અને પંચતીર્થી કરવા આવ્યા. સ્વામીએ તેમને બહુ વાતો કરીને કહ્યું કે 'કોઠારી! મેં તો તમામ કૂંચીઓ પ્રાગજીને આપી છે ને હું તો નિવૃત્તિ લઈને નવરો થયો છું.'

તેથી અમઈદાસને થડકો થયો કે મંદિરની કૂંચીઓ પ્રાગજીને આપી કે શું?

તે જાણી સ્વામી બોલ્યા: 'અમઈદાસ! થડકો પામશો નહીં. મંદિરની કૂંચીઓ તો આ રહી પણ અક્ષરધામની કૂંચી પ્રાગજીને આપી છે.'



આ બધા સમાચાર ઠેઠ વરતાલ સુધી પહોંચ્યા કે 'જૂનાગઢમાં તો પ્રાગજી જ ધણી છે ને સ્વામી તે રૂપ થઈ ગયા છે ને તેને વશ છે ને આખો સોરઠ દેશ પ્રથમ તેને દંડવત્ કરી પછી સ્વામી પાસે જાય છે ને સ્વામીનો મહિમા પણ તે (પ્રાગજી) હદથી પાર કહે છે.'

એક દિવસ કેટલાક સત્સંગી દરબારોએ સ્વામીને કહ્યું: 'સ્વામી! તમે કોઈ બ્રાહ્મણ, સાધુ, વિદ્વાનને ઐશ્વર્ય ન આપ્યું ને આ દરજીને આપી દીધું. આવું કેમ કર્યું?'

'મારે તો ઘણું નહોતું આપવું પણ એણે મને સેવા-ભક્તિથી બાંધી લીધો, એટલે હાથ છૂટી બલા જેવું થઈ ગયું છે.' સ્વામીએ હસીને કહ્યું.

'હવે પાછું ખેંચી લો.' દરબારોએ કહ્યું.

એટલે જરા આકળા થઈને સ્વામી બોલ્યા: 'આ તો પાતાળે પાયા નાંખ્યા છે, પાછું ખેંચાય એમ નથી.'

પછી ઉપનિષદની વાત કરતાં સ્વામીએ સૌને કહ્યું કે 'વૈષમ્પાયન ઋષિએ યાજ્ઞવલ્ક્યને વિદ્યા ભણાવી. પછી એક રાજાને પુત્રપ્રાપ્તિ માટે ઋષિએ યાજ્ઞવલ્ક્યને તે રાજાના મહેલમાં જવાની આજ્ઞા કરી. બ્રહ્મચારી માટે તે યોગ્ય ન હતું, તેથી યાજ્ઞવલ્ક્યે ના પાડી. ઋષિએ ગુસ્સે થઈને પોતાની વિદ્યા પાછી માગી, પણ એક વાર સિદ્ધ થયેલી વિદ્યા પાછી કેમ નીકળે? તેમ પ્રાગજીને મેં બ્રહ્મવિદ્યા ભણાવી છે તે પાછી ન નીકળે. અને જેણે આ પરાવિદ્યા આપી છે તેને પાત્ર ઘડતાં પણ આવડતું હશે ને! ભગવાન કે સંત જાતિ, વર્ણ કે આશ્રમ જોતા નથી.'

દેહધારીઓ પ્રાગજી ભક્તને સમાજની એક ઊતરતી જાતિના જોતા હતા, જ્યારે ભક્તો એમને સાક્ષાત્ ભગવત્સ્વરૂપ દેખતા હતા.

## ૧૨. અક્ષરજ્ઞાનનો ઉદ્‌ઘોષ

એક વખત સ્વામી વરતાલથી પાછા ફરતા સારંગપુર પધાર્યા. અહીં વાઘાખાચરે સ્વામીને પ્રાર્થના કરી કે 'ધિંગાણાનાં (લડાઈનાં) સ્વપ્નાં આવે છે.' ત્યારે સ્વામીએ તેમને જૂનાગઢ સાથે આવવા આજ્ઞા કરી.

બાપુને સેવક વગર ચાલે નહીં, તેથી સ્વામીએ પ્રાગજી ભક્તને બાપુની સેવામાં મૂક્યા. પ્રાગજી ભક્ત બાપુની બહુ સેવા કરતા ને સાથે સાથે તેમને

સ્વામીના મહિમાની વાત પણ કરતા. બાપુને તે ગમતું નહીં. તેમણે પ્રાગજી ભક્તનો સંગ છોડી દીધો; પણ સેવક વગર ફાવ્યું નહીં, એટલે સ્વામીના સમજાવવાથી પ્રાગજી ભક્તને ફરી સેવામાં રાખ્યા, પણ તેમની વાત સાંભળવી બંધ કરી.

જૂનાગઢમાં તો સ્વામીના હેતવાળા ભક્તોને આનંદકિલ્લોલ કરતા વાઘાખાચરે જોયા. તેમને વિચાર થયો કે 'મને આવો આનંદ કેમ નથી આવતો ?'

એટલે મહુવાના દામા શેઠે એમને કહ્યું: 'તમે પ્રાગજી ભક્તમાં વિશ્વાસ રાખો ને સ્વામીને મૂળ અક્ષર માનો.'

વાઘા ખાચર કહે: 'મને તો સ્વામી પંડે (પોતે) કહે તો જ માનું.'

આથી, પ્રાગજી ભક્તે વૃત્તિ દ્વારા સ્વામીને વાડીમાં તેડાવ્યા.

સ્વામી સભામાંથી ઊઠીને એક હરિભક્તનો હાથ પકડીને વાડીમાં પ્રાગજી ભક્ત પાસે આવ્યા. તેમણે સ્વામીને કહ્યું: 'આ વાઘા આપાને પ્રશ્ન પૂછવો છે.'

વાઘા આપાને સ્વામીએ કહ્યું કે 'આ પ્રાગજી કહે છે તે ઠીક કહે છે.'

વાઘાખાચરે ફરી પૂછ્યું: 'સ્વામી ! તમે પંડે અક્ષર ?'

સ્વામીએ હસતાં હસતાં હા પાડી. વાઘાખાચરને શાંતિ થઈ ગઈ, દોષ દૂર થઈ ગયા.

સ્વામીનો અક્ષરબ્રહ્મ તરીકે મહિમા પ્રવર્તાવવામાં પ્રાગજી ભક્તને ઘણાં વિઘ્નો ને અપમાનો સહન કરવાં પડતાં, પણ મૂર્તિમાન અક્ષરબ્રહ્મનો સાક્ષાત્કાર પામ્યા પછી હૈયું હાથ કેમ રહે ?

એક વખત સ્વામીએ પ્રાગજી ભક્તને બોલાવવા બાલમુકુંદદાસજીને મોકલ્યા. પ્રાગજી ભક્ત પોતાના આસને સૂતા હતા. બાળમુકુંદદાસજીએ બે-ત્રણ વાર સાદ કર્યો: 'પ્રાગજી ભક્ત ! ઊઠો, સ્વામી બોલાવે છે.' પણ તે ઊઠ્યા નહીં.

બાળમુકુંદદાસજીએ સ્વામીને કહ્યું: 'પ્રાગજી ભક્ત સૂતા છે. મેં નામ દઈને બોલાવ્યા પણ ઊઠ્યા નહીં.'

સ્વામીએ હસીને કહ્યું કે 'તમે પાછા જાઓ અને કહો – ગુણાતીત ઊઠો.'

પછી ફરીથી બાળમુકુંદદાસજી ગયા ને 'ગુણાતીત ઊઠો' એમ સાદ કર્યો ત્યાં પ્રાગજી ભક્ત તરત ઊઠી ગયા. પછી સ્વામી પાસે આવ્યા.

સ્વામીએ કહ્યું: 'પ્રાગજી તો મરી ગયો. એ તો ગુણાતીત થઈ ગયો છે.' એમ સ્વામીએ સૌને પ્રાગજી ભક્તનો મહિમા સમજાવ્યો.

એક વખત ઊનાના કમા શેઠને પ્રાગજી ભક્તે સ્વામીનો મહિમા કહ્યો. તે શેઠે ઉશ્કેરાઈને પ્રાગજી ભક્તને ધોલ મારી દીધી. તે જ રાત્રે સ્વપ્નમાં મહારાજે શેઠને દર્શન દઈને કહ્યું: 'પ્રાગજી ભગતની માફી માગો.'

શેઠે સવારે સભામાં આવી પ્રાગજી ભક્તને દંડવત્ કરી માફી માગી અને પગે લાગીને ધોતિયું ઓઢાડ્યું.

સ્વામીની આજ્ઞાથી પ્રાગજી ભક્ત સૌને વાતો કરતા ને પ્રાયશ્ચિત્ત અપાવી શુદ્ધ કરતા. એક વખત પ્રાગજી ભક્તે સ્વામીને પૂછ્યું: 'અત્યારે તો આપ સૌનાં પાપ બાળી શુદ્ધ કરો છો પણ પછી શું?'

ત્યારે સ્વામી બોલ્યા: 'તને મહારાજ વશ છે, તે તારા વચને સૌ શુદ્ધ થઈ જશે.'

જૂનાગઢ મંદિરના કોઠારી ત્રિકમદાસને જ્યારે પ્રાગજી ભક્તે સ્વામીના મહિમાની વાત કરી ત્યારે તેને તે વાત ગમી નહીં. તેમણે આવેશમાં આવી પ્રાગજી ભક્તને કહ્યું: 'આવી વાત કરીશ તો કોઈ તને મારશે.'

સ્વામીને આ વાતની ખબર પડી તેથી ત્રિકમદાસને કોઠારમાં લઈ ગયા ને કહ્યું: 'તારે ભડકો જોવો છે?' એમ કહી પોતાનું મૂળ દિવ્ય સ્વરૂપ બતાવ્યું. આખો ઓરડો તેજથી ભરાઈ ગયો. પછી તે તેજ સ્વામીની મૂર્તિમાં સમાઈ ગયું. આ જોઈ કોઠારીને સ્વામીના સ્વરૂપની પ્રતીતિ થઈ.

આ રીતે પ્રાગજી ભક્તે કેટલાય સંતો તથા હરિભક્તોને 'સ્વામી અક્ષર છે' તેવો નિશ્ચય કરાવ્યો.

## ૧૩. ઉપાધિની શરૂઆત

અક્ષરના મહિમાની વાતો કેટલાક મોટા સંતોને પણ ગમતી નહીં. વળી, સ્વામીના આશીર્વાદથી પ્રાગજી ભક્તનો પ્રતાપ ઘણાને જણાવા લાગ્યો. તેથી કેટલોક વિરોધ શરૂ થયો. જૂનાગઢના સમૈયા ઉપર વરતાલથી આચાર્ય મહારાજ, શુક સ્વામી તથા પવિત્રાનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓ પધાર્યા હતા.

આ સમૈયામાં પ્રાગજી ભક્ત હજારો હરિભક્તોને વાતો કરીને સમાસ કરાવતા હતા. વળી, મોડી રાત સુધી પણ તેમની જ્ઞાનગોષ્ઠિ ચાલતી.

પવિત્રાનંદ સ્વામીના આસન પાસે જ આ ગોષ્ઠિ થતી હતી. તેમાં અક્ષરની પણ વાતો થતી હતી. તે સાંભળી પવિત્રાનંદ સ્વામી જરા ખિજાયા એટલે પ્રાગજી ભક્તે એમની નજીક જઈને કહ્યું: 'ગુણાતીતાનંદ સ્વામી અક્ષર છે તે સમજ્યા વગર છૂટકો નથી.'

'તું મને કોણ સમજાવનાર? તું બહુ છક્યો છે પણ હું તને વિમુખ કરીશ.' પવિત્રાનંદ સ્વામીએ લાકડી પછાડીને કહ્યું.

ફરીથી પ્રાગજી ભક્તે હસીને કહ્યું: 'સ્વામી! હવે તો શ્રીજીમહારાજ પણ મને વિમુખ કરવા ધારે તોય બની શકે નહીં. પારસથી થયેલું સોનું, પારસથી પણ કદી પાછું લોઢું બની શકતું નથી.'

એટલામાં સ્વામી ત્યાં પધાર્યા ને પ્રાગજી ભક્ત પાસે પવિત્રાનંદ સ્વામીની માફી મંગાવી, એમને શાંત કર્યા. પણ તેઓ ખૂબ અકળાઈ ગયા હતા, તેથી બોલવા લાગ્યા કે 'મારે એનું મોઢું જોવું નથી.'

પછી પ્રાગજી ભક્તને સ્વામી પોતાને આસને લઈ ગયા.

સમૈયા પછી સ્વામી સોરઠ દેશમાં ફરવા નીકળ્યા. ફરતાં ફરતાં ઉપલેટે પધાર્યા. અહીં હરિભક્તોએ સ્વામીને પ્રશ્ન પૂછ્યો કે 'આપ નહીં હો તો અમારી શી ગતિ થશે? પછી એકાંતિક ધર્મ કોણ સિદ્ધ કરાવશે? કોને આધારે રહેશે?'

તે સાંભળી સ્વામીએ એક સુંદર દૃષ્ટાંત આપ્યું: 'એક માળીએ તુંબડામાં દાડમ પકવી, કચેરીમાં રાજા પાસે તુંબડાં ભેટ ધર્યાં. સૌ હસવા લાગ્યા. પણ રાજાએ તુંબડાં તોડાવ્યાં તો અંદરથી મીઠા દાડમનાં બી નીકળ્યાં. તે બી ખાધાં અને સૌને પેટમાં ટાઢક થઈ ગઈ. સૌ આશ્ચર્ય પામ્યા. તેમ અમે પણ તુંબડા જેવા નજીવા પાત્રમાં એકાંતિક ધર્મના ધારક, મીઠા દાડમ જેવા એકાંતિક પુરુષ તૈયાર કર્યા છે. પણ એ વારસદાર, જેનાં બહુ જન્મનાં પુણ્ય હશે તેને જ ઓળખાશે.' એમ સ્વામીએ પ્રાગજી ભક્તના મહિમાની ઘણી વાતો કરી.

એક વખત સ્વામી જૂનાગઢથી વંથળી પધારતા હતા. સ્વામી ગાડી(બળદગાડી)માં બેઠા હતા. સાથે હરિભક્તો પણ થોડા બેઠા હતા. બીજો સંઘ ચાલતો હતો. સ્વામીએ એક પાર્ષદને કહ્યું: 'પ્રાગજી બીચારો થાકી ગયો હશે, તેને બોલાવો. ગાડીમાં બેસારીએ.'

પ્રાગજી ભક્ત ગાડી નજીક આવ્યા એટલે સ્વામીએ તેમને બોલાવ્યા. ત્યારે તેમણે કહ્યું: 'સ્વામીની ગોદડીમાંથી અનંત સૂર્યનું તેજ નીકળે છે. તે

મારાથી પાસે અવાતું નથી.'

આ પ્રસંગથી સ્વામીએ સૌ હરિભક્તોને પ્રાગજી ભક્તની સ્થિતિનું દર્શન કરાવ્યું.

પ્રાગજી ભક્તના પ્રસંગથી મહુવાના હરિભક્તોને સ્વામીના સ્વરૂપનો અત્યંત મહિમા સમજાયો હતો. સ્વામી મહુવા મંડળને અલૌકિક સુખ આપતા.

એક વાર સભામંડપમાં સૌ હરિભક્તો સાથે સ્વામી ખાખરાનાં પાનના દડિયા બનાવતા હતા. ત્યારે મહુવાના ફૂલચંદ શેઠે સ્વામીને પૂછ્યું: 'સ્વામી ! આ ટાણે અક્ષરધામ શું કરતું હશે ?'

એટલે સ્વામી બોલ્યા: 'તમારી ભેગા ખાખરાનાં પાનના દડિયા બનાવે છે.' એમ સ્વામી રાજીપાથી સ્વમુખે પોતાના સ્વરૂપની વાતો કરતા.

## ૧૪. સત્સંગમાં કુસંગ

સત્સંગમાં સ્વામીનો પ્રતાપ ને મહિમા વધતો જતો હતો. તેથી કેટલાક સંતોએ તથા આચાર્ય ભગવત્પ્રસાદ મહારાજે સ્વામીને ઠપકો દેવાનો નિશ્ચય કર્યો. સ્વામીને ઊના તેડાવ્યા. આ સમાચાર સાંભળી સ્વામી બોલ્યા:

'ભૂકો ભાર હરું સંતન હિત, કરું છાયા કર દોઈ,
જો મેરે સંતકો રતિ એક દુવે, તેહી જડ ડારું મેં ખોઈ,
નારદ મેરે સંતસે અધિક ન કોઈ.'

પ્રાગજી ભક્તે સ્વામીને આ વાતનો મર્મ પૂછ્યો. એટલે સ્વામી કહે: 'વરતાલના સંતોએ મને ઠપકો દેવાનો સંકલ્પ કર્યો છે. ને તું મારો બહુ મહિમા કહે છે તેથી તને સત્સંગમાંથી વિમુખ કરવાનો નિર્ણય કર્યો છે. પણ આ દેશમાં એમનું કંઈ વળશે નહીં. વળી, મારા દેખતાં તારું અપમાન મારાથી સહન ન થાય.'

ત્યારે પ્રાગજી ભક્તે સ્વામીને પ્રાર્થના કરી કે 'મને ગમે તે ઉપાધિ થાય પણ આપ આ લોકથી ઉદાસ થશો નહીં.'

સ્વામી ઊના જતાં રસ્તામાં માળિયા રોકાયા. ત્યાં સમાચાર મળ્યા કે ધોળેરામાં કૃષ્ણપ્રસાદ મહારાજ ધામમાં ગયા એટલે આચાર્ય મહારાજ ને સંતો વરતાલ પાછા ગયા છે. આથી, ઊના આવી સ્વામીને ઠપકો દેવાનો સૌનો ઠરાવ મનમાં જ રહી ગયો.

સંવત ૧૯૨૨માં ચૈત્રી પૂનમના સમૈયે વરતાલ જતા પહેલાં સ્વામીએ કહ્યું હતું કે 'આ વખતે પ્રાગજીને દુઃખ આવશે; પણ મેં એનું બખ્તર એવું ઘડ્યું છે કે એને ટોચો વાગશે નહીં.'

આ વખતે વરતાલ સમૈયે પધાર્યા ત્યારે સ્વામી પ્રાગજી ભક્તને જૂનાગઢ મૂકી ગયા. સ્વામી સંતો તથા હરિભક્તો સાથે ગઢડા થઈને વરતાલ પધાર્યા.

રામનવમીના સમૈયા ઉપર સભાની અંદર જ કેટલાકે સ્વામીને ઉદ્દેશીને 'ભગવાન થયા છે ને પૂજાય છે...' વગેરે ન કહેવાના શબ્દો કહ્યા. મોટા સદ્‌ગુરુઓ પણ એમાં ભળ્યા. સ્વામી શાંતિથી સાંભળી રહ્યા. આ પછી 'ભગવાન તો એક શ્રીજીમહારાજ છે' એ પ્રકારે મહારાજના પુરુષોત્તમપણાની ઘણી વાતો સ્વામીએ કરી.

એટલામાં શાસ્ત્રી બળરામદાસ દોડીને આચાર્ય મહારાજને સભામાં તેડી આવ્યા. તેથી સૌ શાંત થઈ ગયા. આરતીનો ડંકો વાગ્યો અને સૌ દર્શન કરવા ગયા.

મંદિરમાં દર્શન કરી પાછા ફરતાં એક માળીએ સ્વામીને ગુલાબનો હાર પહેરાવ્યો. તે જ હાર સ્વામીએ, સભામાં પોતાનું અપમાન કરાવનાર સંત – શુકમુનિના સેવક સાધુ હરિસ્વરૂપદાસજી સામે મળ્યા તેમને પહેરાવ્યો ને બોલ્યા :

'હળદી જરદી નવ તજે, ખટરસ તજે ન આમ;
ગુણીજન ગુણકું નવ તજે, અવગુણ ન તજે ગુલામ.'

સ્વામીની સહનશીલતા ને પરમ સાધુતાથી મોટા મોટા સદ્‌ગુરુઓ મનોમન પશ્ચાત્તાપ કરવા લાગ્યા અને સ્વામીની માફી માગી. પણ સૌએ નિશ્ચય કર્યો કે 'પ્રાગજી સ્વામીનો અપરંપાર મહિમા કહે છે. માટે તેને તો વિમુખ કરવો જ.' તે વાત સ્વામી આગળ જાહેર કરી.

ત્યારે સ્વામી ઊંડા ઊતરી ગયા અને બોલ્યા : 'પ્રાગજીને હું ના પાડીશ, તેથી મારો મહિમા નહીં કહે.'

પણ પવિત્રાનંદ સ્વામીએ પ્રાગજી ભક્તને વિમુખ કરવાનો દૃઢ ઠરાવ કર્યો હતો. એટલે આચાર્ય મહારાજની સંમતિથી ગામોગામ મંદિરોમાં, તે નિર્ણયના પત્રો લખી દીધા.

જૂનાગઢ પાછા વળતાં સ્વામી મહેળાવ પધાર્યા. અહીં ધોરીભાઈના

સવા વર્ષના દીકરા ડુંગર ભક્ત(શાસ્ત્રીજી મહારાજ)ને સ્વામીએ આશીર્વાદ આપતાં કહ્યું કે 'આ તો સાધુ થઈ શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠા પ્રવર્તાવશે અને કથાવાર્તા કરી સંપ્રદાયને ઉત્તેજન આપી વૃદ્ધિ કરશે.'

પછી સારંગપુર, ગઢપુર થઈને સ્વામી જૂનાગઢ પધાર્યા.

## ૧૫. સત્સંગમાંથી વિમુખ

પ્રાગજી ભક્તને વિમુખ કર્યાનો પત્ર જૂનાગઢ આવ્યો એટલે તેઓ મહુવા જવા તૈયાર થયા. રસ્તામાં ભાતા માટે મંદિરના ભંડારીએ એમને લાડુ બાંધી આપ્યા હતા. અડધે રસ્તે તેમણે જ્યારે ભાતું છોડી તે લાડુ ખાવાની શરૂઆત કરી, ત્યારે તેમને આખા શરીરે બળતરા ઊપડી. પછી લાડુમાં ઝેર જાણી તેને જમીનમાં ઊંડે દાટી દીધા. તેઓ મહામુશ્કેલીએ મહુવા પહોંચ્યા. યોગના પ્રભાવથી ઝેર તો પચી ગયું પણ આખા શરીરે અસહ્ય ગરમી નીકળી. પછી મહારાજે દર્શન દઈ આખે શરીરે હાથ ફેરવ્યો અને બાફેલા અડદનું પાણી લેવા કહ્યું. આ ઉપાયથી થોડા સમયમાં રોગ મટી ગયો.

ત્યાર પછી આચાર્ય ભગવત્પ્રસાદ મહારાજ સાથે સ્વામી ઊના પધાર્યા હતા. અહીં પ્રાગજી ભક્ત સ્વામીનાં દર્શને આવ્યા. સ્વામી એમને એકાંતમાં મળ્યા ને ખૂબ ધીરજ આપી. પ્રસાદી આપી, રાજી કરી, સ્વામીએ તેમને ઘેર મોકલ્યા.

ઊનાથી ફરતાં ફરતાં સ્વામી આચાર્ય મહારાજ સાથે મહુવા પધાર્યા. મહુવાના હરિભક્તોએ આચાર્ય મહારાજ અને સ્વામીનું બહુ સન્માન કર્યું.

અહીં પ્રાગજી ભક્તે સંતોની રસોઈ માટે ચોખ્ખું સીધું તૈયાર રાખેલું. બીજું તૈયાર આવેલું સીધું ચોખ્ખું ન હતું અને રસોઈનું મોડું થતું હતું. એટલે પવિત્રાનંદ સ્વામીએ કહ્યું: 'પ્રાગજી વિમુખ છે પણ એના દાળ-ચોખા ક્યાં વિમુખ છે? માટે એનું સીધું લઈ લો.' આવી સમયસૂચક સેવાથી સૌને પ્રાગજી ભક્ત પ્રત્યે અંતરમાં સદ્‌ભાવ વધ્યો.

સભામાં પણ મહુવાના પ્રતિષ્ઠિત હરિભક્તોએ આચાર્ય મહારાજને પ્રશ્ન પૂછ્યો: 'કોઈ ધર્મવિરુદ્ધ વર્તે અને આપ એને વિમુખ કરો એ તો સમજાય પણ આ પ્રાગજી ભક્ત જેવા મહાન ભક્તરાજને આપ વિમુખ કરો તે સમજાતું નથી.'

આથી, મોટા મોટા સદ્‌ગુરુઓએ ‘પ્રાગજી ભક્તને સત્સંગમાં લેવાના છીએ’ એવી વાતો કરી.

સંતોના તંબૂ સામે આ ખરા ઉનાળાના તાપમાં રેતી ઉપર પ્રાગજી ભક્ત બેસી રહેતા અને સાંજે કથા પછી ઊઠતા. આથી, સૌને પ્રતીતિ થઈ હતી કે પ્રાગજી ભક્તને વિમુખ કર્યા છે છતાં પણ તેનો સત્સંગનો રંગ તો ચડતો ને ચડતો જ છે. પ્રાગજી ભક્ત પણ પવિત્રાનંદ સ્વામીને મળ્યા હતા ને સત્સંગમાં પાછા લેવા વિનંતી કરી હતી.

અહીં સાત દિવસના મુકામ દરમિયાન સ્વામીએ પણ પ્રાગજી ભક્તને એકાંતમાં મળીને બહુ સુખ આપ્યું હતું.

ત્યારપછી અમદાવાદના આચાર્ય મહારાજ અયોધ્યાપ્રસાદજી મહારાજના મંદવાડ પ્રસંગે, એમના આમંત્રણથી સ્વામી અમદાવાદ પધાર્યા. સ્વામીએ એમને ખૂબ સાંત્વન આપ્યું. એમના આગ્રહથી રામનવમીનો સમૈયો પણ સ્વામીએ અમદાવાદમાં કર્યો અને સૌ સંતો તથા હરિભક્તોને શ્રીજી-મહારાજના પુરુષોત્તમપણાની અદ્‌ભુત વાતો કરી. વરતાલથી પણ આચાર્ય મહારાજ તથા મોટા સદ્‌ગુરુઓ પધાર્યા હતા.

પ્રાગજી ભક્ત પણ સ્વામીનાં દર્શનની લાલચથી અમદાવાદ આવ્યા હતા અને મંદિર બહાર ઉતારો કર્યો હતો. સ્વામી કોઈ પ્રસંગે મંદિરથી બહાર જાય ત્યારે તેઓ દર્શન કરી લેતા અને સૌને કહેતા: ‘આ જાય છે તે અક્ષર છે.’ એમ સ્વામીના મહિમાની વાતો નિરંતર કરતા. સ્વામી ભંડારીને કહીને ખાવાનું મોકલતા તે તેઓ જમી લેતા.

અમદાવાદના આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજે સ્વામીની બહુ સેવા કરી રાજીપો મેળવ્યો.

પછી સ્વામી નડિયાદ થઈને વરતાલ પધાર્યા. હજારો હરિભક્તોએ સ્વામીનું સ્વાગત કર્યું. સૌએ સ્વામીની પૂજા કરી ધોતિયાં ઓઢાડ્યાં. સ્વામીએ પણ સૌને બ્રહ્મજ્ઞાનની વાતો કરી સુખિયા કર્યા પછી જૂનાગઢ પધાર્યા.

## ૧૬. પ્રાગજી ભક્ત દ્વારા પ્રગટપણું

જૂનાગઢમાં ભીમ એકાદશીના સમૈયા ઉપર હજારો હરિભક્તો આવ્યા હતા. ચોકમાં ચંદની બાંધી હતી; તે જોઈ સ્વામીને પ્રાગજી ભક્ત સાંભર્યા.

પોતે રોઈ પડ્યા અને બોલ્યા કે 'એણે કેનો બાપ માર્યો હશે કે એને સત્સંગ બહાર કર્યો? એને વિમુખ કરનારા જ વિમુખ છે.' આવું અસાધારણ હેત સ્વામીને પ્રાગજી ભક્ત ઉપર હતું.

પછી થોડું મંદિરનું કામ જાગા ભગત તથા બીજા પોતાના હેતવાળા ભક્તો પાસે કરાવ્યું અને પોતે દેશમાં ફરવા નીકળ્યા. નાગરવાડા તરફના દરવાજે આવી સ્વામી થોડું બેઠા ને બોલ્યા: 'ચાલીસ વર્ષ, ચાર માસ ને ચાર દિવસ અહીં રહ્યા હવે સત્સંગમાં ફરશું ને મહુવે જઈને રહીશું.' એ પ્રમાણે પ્રાગજી ભક્ત દ્વારા પોતે સત્સંગમાં પ્રગટ છે તે સૂચન મર્મમાં કર્યું.

જૂનાગઢથી નીકળી વંથળી, ઉપલેટા, પંચાળા ફરીને ગોંડળના રાજાના આગ્રહથી સ્વામી ગોંડલ પધાર્યા. રાજદરબારમાં પધરામણી કરી, નાનકડા ભગવત્સિંહજીને વર્તમાન ધરાવી આશીર્વાદ આપ્યા. ગણોદ દરબારને ત્યાં તથા માધવજી કારભારીને ત્યાં રાત્રે ૯ વાગ્યા સુધી પધરામણી કરી.

આસો સુદ ૧૨ને રાત્રે પોણા વાગે સ્વતંત્ર થકા દેહ મૂકીને સ્વામી અક્ષરધામમાં શ્રીજીમહારાજની સેવામાં બિરાજ્યા.

સ્વામીના વિરહથી પ્રાગજી ભક્તને અત્યંત દુઃખ થયું. સત્સંગમાં પણ સર્વત્ર દુઃખની ઘેરી છાયા પ્રસરી ગઈ.

## ૧૭. સત્સંગમાં સ્વીકૃતિ

લગભગ ત્રણ વર્ષ સુધી સત્સંગથી વિમુખ રહ્યા છતાં સર્વે પ્રત્યે દિવ્યભાવ ને સાધુતાએ યુક્ત પ્રાગજી ભક્તની પરમ એકાંતિક સ્થિતિનો મોટા મોટા સદ્ગુરુઓને અનુભવ થયો. આથી, સૌએ મળીને પ્રાગજી ભક્તને સત્સંગમાં પાછા સ્વીકાર્યા. તેમની આવી અલૌકિક બ્રાહ્મીસ્થિતિને કારણે તેમને 'ભગતજી'ના વહાલસોયા નામથી પણ હવે સૌ સંબોધવા લાગ્યા. હવે ભગતજી[૨] ઘણું ખરું વરતાલમાં રહેતા અને શુકસ્વામી, પવિત્રાનંદ સ્વામી, ભૂમાનંદ સ્વામી વગેરે સદ્ગુરુઓ સાથે દેશમાં ફરતા. વળી, આચાર્ય મહારાજની આજ્ઞાથી મોટા મોટા સમૈયા ઉત્સવમાં પણ હરિભક્તોને કથાવાર્તા કરી શાંતિ પમાડતા.

વરતાલના કોઠારી ગોરધનભાઈના ભત્રીજા ગિરધરભાઈ ઘણા જ મુમુક્ષુ હતા. છતી દેહે બ્રહ્મસ્થિતિ સિદ્ધ કરવાના હેતુથી 'વચનામૃત'માં કહ્યા એવા

---

૨. હવે પછી 'પ્રાગજી ભક્ત'ને 'ભગતજી' તરીકે સંબોધવામાં આવશે.


સત્પુરુષની શોધ કરવા તેઓ સત્સંગમાં નીકળ્યા. જૂના જૂના સંતોનો સમાગમ કર્યો પણ ક્યાંય મન ઠર્યું નહીં. છેવટે વરતાલમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પાસે એક પગે ઊભા રહી માળા ફેરવવી શરૂ કરી.

એક માસ પછી મહારાજે પ્રસન્ન થઈ દર્શન દીધાં અને કહ્યું: 'આ પ્રાગજી ભક્ત પરમ એકાંતિક ભક્ત છે. હું તેમના દ્વારા સત્સંગમાં પ્રગટ છું. તેમનો સમાગમ કરશો તો હું તમારા અંતરમાં અખંડ વાસ કરીશ.'

'આ વિશાળ સત્સંગમાં એક પ્રાગજી ભક્ત - દરજી જ્ઞાતિના - અને તે પરમ એકાંતિક ભક્ત! તેમાં જોડાવું!' ગિરધરભાઈને આ વચન ન મનાયું. તેમણે ફરી માળા ફેરવવી શરૂ કરી.

મહારાજે ફરી દર્શન દઈ એ જ આજ્ઞા કરી. ત્યારે ગિરધરભાઈને પ્રતીતિ થઈ. ભગતજીના પ્રથમ સમાગમે જ તેમને નિશ્ચય થઈ ગયો અને ગુરુ તરીકે ભગતજી મહારાજને સ્વીકાર્યા. ગોરધનભાઈએ એમને સાધુની દીક્ષા અપાવી 'વિજ્ઞાનદાસજી' નામ પાડ્યું.

વરતાલમાં કોઠારી બેચર ભગત પણ કોઠારી ગોરધનભાઈની સાથે રહીને મદદનીશ કોઠારી તરીકે કામ કરતા હતા. તેમણે એક વખત ભગતજીને કેડિયું સીવવા આપ્યું. ભગતજીએ માપ લીધા સિવાય બરાબર બંધબેસતું સુંદર



કેડિયું સીવી આપ્યું. આથી, બેચર ભગત રાજી થઈ ગયા. એટલે ભગતજીએ કહ્યું: ‘આ તો દેહનું કેડિયું સીવ્યું છે, પણ મને તો અંતરનું કેડિયું પણ સીવતાં આવડે છે, પણ તેને માટે મારે આસને આવવું પડે.’

ભગતજીની આવી ચમત્કારી વાણીથી બેચર ભગતને ઉત્સુકતા થઈ અને ભગતજીના આસને સમાગમ કરવા ગયા. ત્યાં તો એમની આત્મા-પરમાત્માની વાતો સાંભળી તેઓ બહુ રાજી થયા અને તેમને ભગતજીના સમાગમનો રંગ લાગ્યો. આમ, સત્સંગના સ્તંભ ગણાતા પુરુષો ભગતજીની મૂર્તિમાં ખેંચાવા લાગ્યા.

એક વખત આણંદમાં આચાર્ય મહારાજ ને સંતો પધારેલા. રોજ રાત્રે આરતી પછી પ્રાર્થનામાં સૌ સ્વામિનારાયણની ધૂન બોલે.

એક દિવસ પવિત્રાનંદ સ્વામીએ કહ્યું: ‘મહારાજના વખતથી ‘નર-નારાયણ, સ્વામિનારાયણ’ એમ ધૂન બોલવાની પ્રથા ચાલુ છે તે શું કામ તોડો છો ?’

પણ જુવાન સંતોએ એમનું માન્યું નહીં ને બે શબ્દો સામા કહ્યા.

પવિત્રાનંદ સ્વામીને આ અપમાન અસહ્ય થઈ પડ્યું. પોતે વરતાલ આવતા રહ્યા પણ તેમની અશાંતિ મટી નહીં. પછી ભગતજીને પોતાને આસને બોલાવ્યા અને કથાવાર્તા કરવા કહ્યું. ‘માન, ઈર્ષાદિક સ્વભાવ દૂર કરી, આત્મ-સત્તારૂપે ભગવાનની ભક્તિ ન કરીએ તો સત્સંગમાં પોતાનું રૂપ ઉઘાડું પડે છે. આત્મસત્તારૂપ થવા માટે અનાદિ બ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી જેવા પ્રગટ સંતમાં અખંડ પ્રીતિ કરવી જોઈએ.’ એવી ઘણી વાતો ‘વચનામૃત’માંથી કરીને ભગતજીએ તેમને શાંતિ પમાડી.

પવિત્રાનંદ સ્વામીને પણ ભગતજીનો બહુ ગુણ આવ્યો ને ગુણાતીતાનંદ સ્વામીને સેવીને ભગતજી પણ ગુણાતીતરૂપ થયા છે એવી પ્રતીતિ થઈ. ત્યારપછી પવિત્રાનંદ સ્વામી ધામમાં પધાર્યા.

આ અરસામાં કોઠારી ગોરધનભાઈએ કંઈક કારણસર કોઠારી બેચર ભગતને છૂટા કર્યા. તેઓ ભગતજી પાસે આવ્યા. ભગતજીએ એમને ઠપકો આપ્યો ને ભગવાનના ભક્તનો મહિમા સમજાવ્યો, અને કોઠારીની માફી માગવા આજ્ઞા કરી. ભગતજીને વિષે અસાધારણ હેત, તેથી બેચર ભગતે માન મૂકીને કોઠારીની માફી માગી. પછી ભગતજીએ કોઠારીને ભલામણ કરી, તેથી

ગોરધનભાઈની પ્રેરણાથી આચાર્ય મહારાજ પાસે બેચર ભગતને દીક્ષા અપાવી ‘મહાપુરુષદાસ’ નામ પાડ્યું. વ્યાવહારિક જવાબદારી દૂર થતાં મહાપુરુષ-દાસને ભગવાન ભજવાનું સરળ થયું.

## ૧૮. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના ગુરુપદે

સંવત ૧૯૩૯માં સુરત મંદિરમાં ઘનશ્યામ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા હતી. ભગતજી ત્યાં પધારેલા. તેઓ હાથી ઉપર મૂકવાની ઝૂલ સીવતાં જાય અને વાતો કરતાં જાય. એમની મિષ્ટ વાણી સાંભળવા સંતો-હરિભક્તોની મોટી સભા એમને આસને થઈ જતી.

યજ્ઞપુરુષદાસજી અહીં વિજ્ઞાનાનંદ સ્વામી પાસે રહેતા, ભણતા ને સેવા કરતા. ભગતજીનાં દર્શન અને વાતોથી એમનું ચિત્ત ખેંચાયું. ભગતજી સીવતાં જાય ને વાતો કરતાં જાય. તે જોઈ એમને આશ્ચર્ય થયું.

ભગતજી કહે: ‘જ્ઞાનીને અનંત લોચન હોય.’

ભગતજીની આવી બ્રહ્મસ્થિતિ જોઈ યજ્ઞપુરુષદાસજીએ ભગતજીને મનોમન ગુરુ કર્યા.

વળી, ભગતજી મહારાજ પાસે સૌપ્રથમ એમણે ‘ગુણાતીતાનંદ સ્વામી અક્ષર છે, શ્રીજીમહારાજની અખંડ સેવામાં રહ્યા છે ને મહારાજને રહેવાનું ધામ છે’ – એ વાત સાંભળી. પોતાના ગુરુ વિજ્ઞાનાનંદ સ્વામી જેઓ મહારાજને મળેલા હતા એમણે આ વાતની સાક્ષી પૂરી. તેથી શ્રીજીમહારાજે જ આ જ્ઞાન પ્રવર્તાવ્યું છે એવી એમને દૃઢ પ્રતીતિ થઈ. ભગતજી મહારાજનો મહિમા સમજાયો ને તેઓ ભગતજીના દૃઢ આશ્રિત બન્યા.

મહાપુરુષો અન્યોન્ય એકબીજાને ઓળખે છે. ભગતજી મહારાજ કહેતા: ‘આ તો મારો કોડિલો લાલ છે.’ એવો એમને યજ્ઞપુરુષદાસજી પ્રત્યે પક્ષપાત હતો.

રામરતનદાસજી યજ્ઞપુરુષદાસજીના જોડિયા સાધુ હતા. એમણે ભગતજી મહારાજ પાસે માગણી કરી કે યજ્ઞપુરુષદાસ પાસે શ્રીજીમહારાજના સરસ ચરણારવિંદ (છાપેલા) છે તે મને અપાવો. ભગતજીની આજ્ઞાથી યજ્ઞપુરુષ-દાસજીએ આ અમૂલ્ય વસ્તુ તેમને આપી દીધી. આચાર્ય મહારાજને આ વાતની જાણ થઈ. એમણે ભગતજીને ઠપકો આપ્યો; કારણ યજ્ઞપુરુષદાસજી

મંડળધારી હતા. એમની પાસે શ્રીજીમહારાજનાં ચરણારવિંદ હોવાં જ જોઈએ.

તેથી ભગતજી મહારાજ એકદમ ભાવમાં આવી ગયા અને બોલ્યા: 'ચરણારવિંદના પાડનારા શ્રીજીમહારાજ હું એને આપીશ.' આમ, પોતાની શક્તિ ને યજ્ઞપુરુષદાસજી પ્રત્યેનો અપાર રાજીપો ભગતજીએ જણાવ્યો.

ધીરે ધીરે વિજ્ઞાનદાસજી, યજ્ઞપુરુષદાસજી, મહાપુરુષદાસજી વગેરે સંતો નિધડકપણે ભગતજીનો સમાગમ કરવા લાગ્યા. એમના અણિશુદ્ધ વર્તનથી ભગતજીના શિષ્યો તરીકે આ ત્યાગી મંડળનો બહુ ભાર પડવા લાગ્યો. વળી, શ્રીજીમહારાજના સર્વોપરીપણાની, સ્વામીના અક્ષરપણાની અને બ્રહ્મરૂપ થવાની અદ્‌ભુત વાતોથી તથા બ્રહ્મસ્થિતિના પ્રભાવથી સમગ્ર સત્સંગ-સમાજમાં ભગતજી મહારાજનો મહિમા દિનપ્રતિદિન વધવા લાગ્યો. આચાર્ય મહારાજ પણ એમની વાતો સાંભળવાનું પસંદ કરતા અને સમૈયા-ઉત્સવોમાં ભગતજી મહારાજને ખાસ કાગળ લખી તેડાવતા અને વાતો કરાવતા.

ભગતજીને વિષે અસાધારણપણે જોડાયેલા આ સંતો સત્સંગમાં ભગતજીનો મહિમા કહેતા. આ શબ્દો કેટલાક ત્યાગી વર્ગને આકરા થઈ પડતા. એક વાર તો એમણે ભગતજીને આ વિષે ફરિયાદ કરી. તેથી ભગતજીએ તો એમનો પક્ષ લઈને પોતાના સંતો પાસે માફી પણ મંગાવી હતી.

નડિયાદમાં એક વખત ભગતજી મંદિરે પધારતા હતા. સાથે એક બારોટ ભક્ત હતા. શેરી સાંકડી હતી. સામેથી એક હરિજન બાઈ આવતી હતી. તેને જોઈને તે ભક્તે બૂમ પાડી: 'આઘી જા, દેખતી નથી.'

આ સાંભળી ભગતજી નારાજ થઈ ગયા અને બોલ્યા: 'શું એના હૃદયમાં ભગવાન નથી?' એમ કહી સમજાવ્યું કે 'જીવપ્રાણીમાત્રનો દયાથી આદર કરવો.'

## ૧૯. 'મને સ્વામિનારાયણ વળગ્યા છે'

ભગતજીનો પ્રતાપ વધતો જતો જોઈને ઘણા સાધુઓ એમનો વિરોધ કરતા અને ભગતજી સત્સંગમાં ક્યાંય ન ફરે તેવો પ્રતિબંધ મૂકવા ઈચ્છતા. ભગતજી પણ ઘણી વાર કેફમાં આવી બોલતા:

'મને તો સ્વામિનારાયણ વળગ્યા છે.'

'ભગવાન ભૂત જેવા છે તે શું વળગે?' એક સાધુએ પૂછ્યું.

'ભૂતને વળગવાની સત્તા છે ને ભગવાનને નથી?' ભગતજીએ સમજાવ્યું: 'ભગવાન જેને તેને નથી વળગતા. એ તો જે ભક્તને ભગવાનમાં અતિશય સ્નેહ ને આસક્તિ હોય તેને જ પ્રભુ વળગે છે.'

પછી ગોપીઓની પ્રેમલક્ષણા ભક્તિની ઘણી વાતો કરી અને કહ્યું: 'સ્વામીની કૃપાથી શ્રીજીમહારાજની મૂર્તિનું અખંડ સુખ હું લઉં છું અને મારો જે સંગ કરે છે તેને એ અવિનાશી સુખ આપું છું.'

એક વખત પેટલાદમાં રાવસાહેબને ત્યાં ભગતજી બિરાજતા હતા. સાહેબના જમાદાર મુમુક્ષુ હતા, તે ભગતજીનાં દર્શને આવ્યા. ભગતજીએ તેના મનનો સંકલ્પ જાણીને કુરાનમાં વર્ણવેલા ચાર પ્રકારના સત્પુરુષનાં લક્ષણોની વાત કરી. જમાદારને બહુ શાંતિ થઈ ગઈ.

વિજ્ઞાનદાસજી તથા અન્ય સંતો ત્યાં બેઠા હતા. તેમની સામું જોઈ ભગતજીએ જમાદારને કહ્યું: 'આ સાધુઓ મારો કેડો મૂકતા નથી. માટે એને ઠપકો ઘો.'

એટલે જમાદારે સંતોને કહ્યું: 'તમો તો ખુદાના ફકીર છો ને આ તો સાક્ષાત્ ખુદા છે. માટે તમોને લાકડિયો મારે, જુતિયાં મારે તો પણ તમારે



એની કેડે ફરવું.' આથી, ભગતજી હસવા લાગ્યા.

પેટલાદમાં ભગતજીએ સંતોને સાથે રાખીને દર્શન, સમાગમનું તથા પ્રસાદીનું ઘણું સુખ આપ્યું.

ભગતજી સુરતમાં આચાર્ય મહારાજનાં દર્શન કરી ફરીથી નડિયાદ પધાર્યા અને સંતોને કહ્યું: 'આ વખતે તમને ઘણું દુઃખ આવશે. માટે નિર્માની થઈ ધીરજ રાખી ખમજો.'

## ૨૦. ભગતજીના સંતોને ઉપાધિ

ગુજરાતમાં ભગતજીના વિચરણથી સમાસ ઘણો જ થયો. પીજના મોતીલાલભાઈને અખંડ ભજનનો વેગ લાગ્યો. તેમને સ્વપ્નમાં મહારાજે દર્શન દઈ કહ્યું: 'હું પ્રાગજી ભગત દ્વારા સત્સંગમાં પ્રગટ જ છું.'

આ અલૌકિક દર્શનથી એમના આનંદનો પાર ન રહ્યો. તેમણે ગામોગામ આ સમાચારના પત્ર લખ્યા. તેથી ભગતજીના મહિમાનો ઉદ્‌ઘોષ થયો. કેટલાક સંતોથી આ ન ખમાયું અને ભગતજીના હેતવાળા સંતોને સત્સંગમાંથી દૂર કર્યા.

વિજ્ઞાનદાસજી, યજ્ઞપુરુષદાસજી વગેરે સંતો ગુજરાતમાં ફરતાં ફરતાં મહુવા પધાર્યા. પહેલાં તો ભગતજીએ એમની ઉપેક્ષા કરી, ઠપકો આપ્યો. પછી ગોપનાથના મંદિરમાં સંતોને રહેવાની સગવડ કરી આપી. સંતો વારાફરતી મંદિરે જતા ને ભગતજીના સમાગમનો લાભ લેતા. ભગતજીની કૃપાથી યજ્ઞપુરુષ-દાસજી તથા પુરાણી કેશવપ્રસાદદાસને મંદિરમાં રહેવાની પરવાનગી મળી. તેથી તેમને તો ભગતજીનો અખંડ યોગ મળ્યો.

મંદિરમાં ઘણા હરિભક્તો કથાવાર્તા સાંભળવા આવતા. એક પ્રસંગે યજ્ઞપુરુષદાસજીએ મહુવાના મંદિરમાં ગઢડાના સંતો તથા હરિભક્તો આગળ વચનામૃતનાં પ્રમાણો આપી ભગતજી મહારાજના પરમ એકાંતિક સ્વરૂપની ને તેમના મહિમાની અદ્‌ભુત વાતો કરી.

ત્યારે ત્યાં બેઠેલા હરિભક્તોમાંથી વિઠ્ઠલભાઈએ પૂછ્યું કે 'ભગતજીમાં એવા ગુણ છે તે તમે શી રીતે જાણ્યું?'

ત્યારે યજ્ઞપુરુષદાસજી બોલ્યા કે 'તેમનામાં ધર્મ છે કે કેમ તે તો તમે એમના ગામના છો તેથી તમારા અનુભવ પ્રમાણે જ કહો.'

એટલે વિઠ્ઠલભાઈ કહે કે 'એમના જેવા ધર્મવાળા તો કોઈ જોયા જ નથી, કારણ કે આ ગામના નાગર, વાણિયા વગેરે મોટા સદ્‌ગૃહસ્થોની સ્ત્રીઓનાં કપડાં સીવે છે છતાં સહેજ પણ વિકાર તેમને થતો નથી. ઊલટું, સૌને સ્વામિનારાયણનો મહિમા કહી સત્સંગી કરે છે.'

આ વાતની ગઢડાના સાધુઓએ પણ સાક્ષી પૂરી કે 'એમના સમાગમથી આપણા વિકારો પણ ઓછા થઈ જાય છે, તો તેમનામાં તો એક પણ વિકાર ક્યાંથી હોય ?'

પછી યજ્ઞપુરુષદાસજીએ કહ્યું કે –

'ભગતજી જ્ઞાની પણ છે. આજે આખો સત્સંગ એમ કહે છે કે ભગત જેવા કોઈ જ્ઞાની નથી. કારણ તેમનું ગમે તેટલું માન-અપમાન થાય છે તો પણ તેમને અપમાન લેશમાત્ર લાગતું નથી. વળી, 'વચનામૃત'માં જે બધા સિદ્ધાંતો છે તે તેમણે ગુણાતીતાનંદ સ્વામી પાસે રહીને સિદ્ધ કર્યા છે. એટલે એમ કહી શકાય કે ભગતજી ખરેખરા જ્ઞાની છે.'

'વળી, વૈરાગ્ય પણ એવો જ છે. ઘરમાં રહે છે પણ મહેમાનની પેઠે રહે છે. આચાર્ય મહારાજનો કાગળ આવે કે તરત નીકળી પડે છે. બીજી કોઈ ચિંતા રાખતા નથી. અને આચાર્ય મહારાજ જો આજ્ઞા કરે તો તરત ત્યાગી પણ થઈ જાય. આ તો એમની વાત થઈ પણ એમનો જે સંગ કરે છે તેમને પણ પોતા જેવા નિઃસ્પૃહી કરી દે છે. નહીં તો ઘરબારની પરવા કર્યા વગર દૂર-દૂરથી દોડી-દોડીને હરિભક્તો શા સારુ એમનો સમાગમ કરવા આવે ?'

યજ્ઞપુરુષદાસજીએ ભગતજીમાં રહેલા ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય સંબંધી ગુણોની વાત કરી.

'હવે તેમનામાં શ્રીજીનો નિશ્ચય છે કે નહીં તે તો તમે જ કહો.' યજ્ઞપુરુષદાસજીએ આવી રીતે યુક્તિથી હરિભક્તોને જ ભગતજીનું એકાંતિક-પણું સિદ્ધ કરી બતાવવા પૂછ્યું.

એટલે વિઠ્ઠલભાઈ કહે: 'નિશ્ચયમાં તો ભગતજી અડગ છે, કારણ કે સત્સંગ બહાર કર્યા તો પણ અખંડ મહારાજનું ભજન કરતા. અને મંદિરના દરવાજા આગળ બેસીને પણ સાધુ, હરિભક્તોનાં દર્શન કરતા. અતિશય નમ્ર-પણે એમણે સૌને રાજી કર્યા છે. એમના ઉપદેશથી અનેકને મહારાજનો નિશ્ચય થયો છે તો એમને તો મહારાજનો સર્વોપરી નિશ્ચય હોય એમાં શું કહેવું ?

એક મહારાજને જ સર્વકર્તા જાણે છે અને બીજા કોઈનો એમને ભાર નથી.'

તે સાંભળી યજ્ઞપુરુષદાસજી બોલ્યા કે 'આવી રીતે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચારેય ગુણ ભગતજીમાં સાક્ષાત્ દેખાય છે. માટે 'વચનામૃત' પ્રમાણે શ્રીજીમહારાજ એમનામાં અખંડ રહ્યા છે. અને તેથી જ અમે એમની પાછળ પાછળ ફરીએ છીએ.'

ત્યારપછી ભગતજીની આજ્ઞાથી થોડા સંતો ગુજરાતમાં ગયા.

વરતાલના સમૈયે આ સંતોને ધોળાં લૂગડાં પહેરાવીને સત્સંગમાં રાખવા એમ ત્યાગીઓએ નક્કી કર્યું, પણ ભગતજીના હેતવાળા હરિભક્તો સહમત થયા નહીં. તેથી સંતોને સત્સંગ બહાર જ ફરવાનું થયું અને સૌ પાછા મહુવા ગયા.

## ૨૧. એકાંતનું સુખ

આ વખતે ગુજરાતના હરિભક્તોનો મોટો સંઘ સંતો સાથે હતો. તેઓ ભગતજીની ઇચ્છાથી મહુવાથી થોડે દૂર કતપર ગામે મકાન રાખી રહ્યા. અહીં ભગતજી પણ સંતો ભેળા રહ્યા. સંતોને અખંડ દર્શન તથા સમાગમનું સુખ આપ્યું. રોજ હરિભક્તો નવી નવી રસોઈ કરાવે. ભગતજી ખૂબ પ્રેમથી સંતોને જમાડે ને સુખ આપે. ક્યારેક ચોખ્ખી રસોઈ હોય તો પોતે જાતે પણ પીરસે. ભગતજી અખંડ વાતો કરે, સંતો કીર્તન બોલે, એમ બ્રહ્માનંદ થાય.

યજ્ઞપુરુષદાસજીએ ભગતજીના મહિમાનું સંસ્કૃતમાં અષ્ટક બનાવ્યું હતું. તે સાંભળીને તો સૌ બહુ રાજી થયા. આ સંતોની ભગતજી પ્રત્યેની ભક્તિથી હરિભક્તોને પણ ભગતજીનો અપાર મહિમા સમજાયો.

સંતોને આ રીતે ધોળાં લૂગડાં પહેરાવવાના નિમિત્તે ભગતજીનો સમાગમ મળ્યો. ભગતજીએ પણ તેમને પોતાની સાથે રાખી લાભ આપ્યો.

ગમ્મતમાં એક વખત ભગતજીએ કહ્યું: 'આ યજ્ઞપુરુષદાસજી મંડળના મહંત.' પછી તેમને કહ્યું: 'તમારે વિજ્ઞાનદાસની આજ્ઞામાં રહેવું.' આમ, સંતોને વિજ્ઞાનદાસજીની આજ્ઞામાં રહેવા ભગતજીએ આજ્ઞા કરી.

એક વાર ભગતજીએ સંતોને કહ્યું: 'આ ભગવાં લૂગડાં જ બંધનકારી છે, માટે ઘેર જાઓ ને સત્સંગ કરો.' પરંતુ બ્રહ્મચર્ય પાળી ભગવાનને રાજી કરવાનો સંતોનો દૃઢ ઠરાવ સાંભળીને ભગતજી ઘણા જ રાજી થયા ને સૌને

આશીર્વાદ આપ્યા.

પછી સૌને ભાદરોડ મોકલ્યા. અહીં ભદ્રેશ્વર મહાદેવના મંદિરમાં સૌએ ઉતારો કર્યો.

અહીં ભગતજીનાં દર્શન ન થયાં તેથી સંતોએ ત્રણ દિવસના ઉપવાસ કર્યા. ચોથે દિવસે ભગતજી પધાર્યા. સૌને શાંતિ થઈ. ભગતજીએ સૌને જમાડ્યા. પોતાને વિષે અનન્ય ભાવથી જોડાયેલા આ સંતોને ભગતજીએ અહીં પણ અપાર સુખ આપ્યું.

સવારે વહેલા ઉઠાડી ભગતજી સૌને નદીએ સ્નાન કરવા મોકલતા. પછી ધ્યાનમાં બેસારતા. મહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવાની યોગની પ્રક્રિયાઓ પણ કરાવતા. એક દિવસ ઉપવાસ અને એક દિવસ જમવાનું, એવું આકરું તપ શરૂ કરાવ્યું. ઉપવાસને દિવસે સંતોને ઝોળી માગવા આજુબાજુનાં ગામડાંમાં મોકલતા તથા છાણાં વીણવા પણ મોકલતા. પારણાંને દિવસે પોતે સંતોને ખૂબ પ્રેમથી જમાડતા. આમ, અખંડ કથાવાર્તા કરી સૌને દેહનું ભાન ભુલાવી દીધું. દેહ છતાં અક્ષરધામના સુખનો અનુભવ કરાવ્યો. ઘણી વાર સંતો પાસે મહારાજની મૂર્તિનાં પ્રેમ-ભક્તિનાં કીર્તનો, અષ્ટકો બોલાવતા, ‘વચનામૃત’ વંચાવતા અને વાતું પણ કરાવતા.

સંતોને પણ ભગતજીની સેવા કરવાનો લાભ મળ્યો. ભગતજીનું શરીર સારું ન રહેતું. વળી, જોડા પણ પહેરતા નહીં. તેથી યજ્ઞપુરુષદાસજી નાના ઠીકરાથી પગ સાફ કરતા. પગમાં ઘા પડ્યા હોય ત્યાં માખણ ચોપડતા. બીજા સંતો પણ દરેક રીતે ભગતજીની સેવા કરતા.

ભગતજી આ સંતોને મોડી રાત સુધી વાતો કરી બળ આપતા. તેઓ આજ્ઞા, ઉપાસનાની બળની વાતો કરી કહેતા: ‘શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના ને નિષ્કામવ્રત રાખશો તો હું અક્ષરધામમાં તેડી જઈશ.’

એક દિવસ ભગતજીએ સંતો પાસે બાજરાના રોટલા, રીંગણાનું શાક, છાશ વગેરે કરાવ્યું. પછી કહ્યું: ‘આજ તો તમને ખૂબ જમાડવા છે. જો મારી આજ્ઞા પ્રમાણે જમશો, તો આજે હું તમને વશ છું.’

ભગતજીએ સંતોને આગ્રહ કરીને ખૂબ રોટલા જમાડ્યા. યજ્ઞપુરુષદાસજીએ મહામહેનતે ત્રણ રોટલા ખાધા. ભગતજી તેમને કહે: ‘હજુ અડધો રોટલો જમો તો તમે કહો તેમ કરું.’

યજ્ઞપુરુષદાસજીથી ખવાય તેમ ન હતું, પણ ભગતજીને રાજી કરવા જમ્યા. પછી સંતોને ભગતજીની ચંદનથી પૂજા કરવાનો ભાવ થયો. ઘણું ચંદન ઘસીને તૈયાર કર્યું. ભગતજીને શરીરે ચર્ચ્યું. દર્શનનું અલૌકિક સુખ લીધું. પછી યજ્ઞપુરુષદાસજી તથા અન્ય સંતોની ઇચ્છાથી ભગતજી સૌને ચંદન સહિત ભેટ્યા અને અપરંપાર સુખ આપ્યું.

ભગતજીની કથાવાર્તાથી ભાદરોડમાં પણ ખૂબ સમાસ થયો અને ઘણા નવા સત્સંગી થયા. ઘણી વાર તો ભગતજી આખી રાત વાતો કરીને સંતોને જ્ઞાનનું ભાથું બંધાવતા. સાધુતાએ યુક્ત આ સંતોને અનેક કષ્ટો વેઠવાં પડતાં. તે જોઈને ભગતજીને ઘણું દુઃખ થતું. ઘણી વાર ભગતજી શ્રીજીમહારાજ અને સ્વામીને પ્રાર્થના પણ કરતા.

શ્રીજીમહારાજે તેમની પ્રાર્થના સાંભળી અને વરતાલથી આચાર્ય વિહારીલાલજી મહારાજનો પત્ર આવ્યો કે 'સંતોને વરતાલ મોકલશો.'

હવે છૂટા પડવાનું હતું. ફરી આવો યોગ ક્યારે મળે ? તેથી સંતોએ ભગતજીની સેવાનો ખૂબ લાભ લીધો. યજ્ઞપુરુષદાસજીએ પૂરણપોળી અને સૂરતી દૂધપાકની રસોઈ બનાવી ભગતજીને જમાડ્યા. ભગતજી આ નવીન અને સ્વાદિષ્ટ રસોઈ જમીને બહુ રાજી થયા. ભગતજીએ સંતોને ખૂબ આશીર્વાદ આપ્યા ને નિર્દોષ કર્યા. ભગતજીથી છૂટા પડવાનું કોને ગમે ? પણ આજ્ઞાથી સૌ વરતાલ ગયા.

## ૨૨. વનવાસમાંથી મુક્તિ

વરતાલ આવી સંતોએ મંદિર બહાર, દરવાજા સામેની હવેલીમાં ઉતારો કર્યો. આચાર્ય મહારાજનો મેળાપ થયો. એમણે ભગવાં વસ્ત્રો પહેરવાની આજ્ઞા કરી, વિજ્ઞાનદાસજી વગેરે સંતોને ખાનદેશ તરફ મોકલ્યા. યજ્ઞપુરુષ-દાસજી તથા બીજા સંતો ગુજરાતમાં ફરવા માટે નીકળ્યા.

ખાનદેશમાં વિજ્ઞાનદાસજી દ્વારા ઘણો જ સમાસ થયો. કેટલાક હરિભક્તોને સમાધિમાં શ્રીજીમહારાજ સાથે ભગતજીનાં પણ દર્શન થયાં. એક બાઈ હરિભક્તને ભગતજીનાં દર્શનથી ભૂત નીકળી ગયું. ભગતજીનો તેનામાં પ્રવેશ થયો. તે પણ ભગતજીની માફક સર્વે ચેષ્ટા કરે ને સૌને સુખ આપે. આ રીતે ખાનદેશમાં ભગતજીનો બહુ મહિમા વધ્યો. આથી, ખાનદેશી હરિભક્તો

ભગતજીનો સમાગમ કરવા મહુવા જવા લાગ્યા.

આ અરસામાં આચાર્ય મહારાજ મહુવા પધાર્યા હતા. અહીં તેઓએ ભગતજીનો ખૂબ જ આદરભાવ કર્યો. હંમેશાં એમની વાતો સાંભળે અને થાળની પ્રસાદી રોજ એમને મોકલાવે. વળી, સભામાં પણ ભગતજી પાસે વાતો કરાવે અને સંતો તથા હરિભક્તોને એમનો મહિમા સમજાવે. આચાર્ય મહારાજે ભગતજીને ઘરે પધરામણી પણ કરી હતી.

સંવત ૧૯૪૯માં ગઢપુરમાં લક્ષ્મીવાડીમાં મૂર્તિપ્રતિષ્ઠાનો ઉત્સવ હતો. આચાર્ય મહારાજે ભગતજીને ખાસ તેડાવેલા. ભગતજીએ ગુજરાતના હરિભક્તોને પણ કાગળો લખી ગઢપુર બોલાવ્યા. યજ્ઞપુરુષદાસજી પણ પોતાના ગુરુ રંગાચાર્યને લઈને વડોદરાથી આવ્યા. અહીં ભગતજીના ઉતારે તેમજ લક્ષ્મીવાડીમાં સૌને અવારનવાર ભગતજીનો મેળાપ થઈ જતો અને તેમનાં દર્શન-સમાગમનો પણ લાભ મળતો. રંગાચાર્ય પણ ભગતજીનાં દર્શનથી ખૂબ જ પ્રભાવિત થયા. આચાર્ય મહારાજ ભગતજી પાસે સભામાં વાતો કરાવતા.

ત્યારબાદ ગુજરાતના હરિભક્તોના આગ્રહથી ભગતજી નડિયાદ પધાર્યા. અહીં ઝવેરીલાલભાઈને ત્યાં ઉતારો હતો. ગામેગામથી હરિભક્તો ભગતજીના સમાગમ માટે આવવા લાગ્યા. સાથે સૌ ભેટ-સામગ્રી પણ લાવે. ભગતજી સૌને મહારાજના સર્વોપરી સ્વરૂપની, સ્વામીના અક્ષરસ્વરૂપની, સત્પુરુષમાં જોડાવાની, બ્રહ્મચર્ય પાળવાની એવી ઘણી ઘણી વાતો કરતા. ભગતજી સવાર-સાંજ મંદિરે પધારતા અને ત્યાં કથાવાર્તા કરતા. રાત્રે નિયમ-ચેષ્ટા કરી પછી ઉતારે જતા. ત્યાં પણ મોડી રાત સુધી સૌને બ્રહ્મજ્ઞાનની વાતો કરી સુખિયા કરતા. ભગતજીના સંબંધથી શ્રીજીમહારાજમાં જોડાયેલા કેટલાક હરિભક્તોને શ્રીજીમહારાજ દર્શન પણ આપતા.

## ૨૩. વાંસદાના દીવાનને સત્સંગ

યજ્ઞપુરુષદાસજીના સમાગમથી વાંસદાના દીવાન અમીન ઝવેરભાઈ નાથાભાઈ(વીરસદના)ને ભગતજીનાં દર્શન સમાગમની ઘણી જ ઉત્સુકતા જાગી. વરતાલ આચાર્ય મહારાજ અને કોઠારી ઉપર એમણે બે-ત્રણ પત્રો લખ્યા. આથી, આચાર્ય મહારાજ અને કોઠારીની આજ્ઞા મળતાં ભગતજી ત્રણ-ચાર હરિભક્તોને લઈને બીલીમોરા થઈને વાંસદા પધાર્યા. ખાનદેશથી વિજ્ઞાન-

દાસજીને પણ સમાગમ માટે વાંસદા બોલાવ્યા. પોતાના દરજ્જા અનુસાર દીવાને ભગતજીનું સારું સ્વાગત કર્યું. તેઓ તથા તેમનાં પત્ની, ભગતજીની સેવામાં અખંડ ખડે પગે રહેવા લાગ્યાં.

તેઓ વેદાંતી હતા તેથી ભગતજીએ તેમને જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ એ પાંચ અનાદિ તત્ત્વોની, 'વચનામૃત' તથા અન્ય શાસ્ત્રોના આધારે ઘણી સૂક્ષ્મ વાતો કરી. તેમજ આજ્ઞા અને ઉપાસનાનું રહસ્ય સમજાવ્યું.

એક રાત્રે નિયમ-ચેષ્ટા કરીને સૂતા પછી ભગતજી એકાએક બેઠા થઈ ગયા અને એક શ્વાસે ભજન કરવા લાગ્યા. એમની સાથે દીવાન સાહેબ અને બીજા હરિભક્તો પણ જાગી ગયા. ઘડી એક પછી ભગતજી જાગ્રત થયા અને સૌને સંબોધીને કહેવા લાગ્યા: 'જેને ભગવાન વશ કરવા હોય અને અખંડ ભજન કરવું હોય તેને ફડકી ફડકીને જાગવું ને ભજન કરવું. મુમુક્ષુને હરણફડકો અને કાકનિદ્રા જોઈએ. આપણે માથે ઈન્દ્રિયો, અંતઃકરણરૂપ શત્રુ છે તે ઊંઘ કેમ આવે? માટે ખાતાં-પીતાં, સૂતાં-જાગતાં ભજનનો આગ્રહ રહે તો જીવ ધારે તે કરી શકે.'

બ્રહ્મ, પરબ્રહ્મનાં ગહન તત્ત્વોની વાતો સાથે ભગતજી વ્યાવહારિક જ્ઞાન પણ આપતા અને કહેતા: 'તમારે બ્રહ્મરૂપ થઈને ભગવાનની સેવામાં રહેવું હોય તો ધર્મ દૃઢ પાળવો. ધર્મથી જ્ઞાન ટકે. જ્ઞાનથી વિવેક સ્થપાય અને વૈરાગ્ય પ્રગટે. જ્ઞાનાંશના વૈરાગ્યથી વિષયાસક્તિ છૂટી જાય ને ભગવાનમાં આત્મારૂપે પ્રીતિ થાય. દેહે કરીને અગિયાર નિયમ પાળવા અને મન-વચને કરીને પણ તેમ વર્તવું. ભક્તિ પતિવ્રતા છે તે ધર્મ હશે તો આવશે અને જ્ઞાન-વૈરાગ્ય તેમના પુત્રો છે તે પણ આવશે.' આવી આવી અદ્‌ભુત વાતોથી ભગતજી દીવાનજીને ભજનાનંદી થવાનું શિખવાડતા.

ભગતજીએ દીવાનજીને વચન આપ્યું કે 'અંત સમયે મહારાજ સાથે હું તમને તેડવા આવીશ.'

અહીં વાંસદાના રાજા તેમજ રાજ્યના બીજા અમલદારો પણ ભગતજીને દર્શને આવતા અને ઘણા જ પ્રભાવિત થતા. તેઓએ પોતાના મહેલમાં ભગતજીની પધરામણી કરાવી.

દીવાન સાહેબને ઘણું સુખ આપીને, રાજી કરી ભગતજી વાંસદાથી નીકળ્યા. દીવાનને ભગતજીને વિષે એટલું બધું હેત થયું હતું કે છૂટા પડતાં

એમનું હૈયું ભરાઈ આવ્યું. વાંસદાથી ભગતજી ચાણસદ થઈને વરતાલ પધાર્યા. વાંસદાના સમાચાર સાંભળી આચાર્ય મહારાજ ઘણા જ રાજી થયા. આચાર્ય મહારાજે ભગતજીને ફેંટો બંધાવ્યો. પછી એમની આજ્ઞા લઈને ભગતજી નડિયાદ થઈને અમદાવાદ પધાર્યા.

## ૨૪. અમદાવાદમાં જ્ઞાનયજ્ઞ

ભગતજીના આવવાથી આચાર્ય મહારાજ શ્રી પુરુષોત્તમપ્રસાદ ઘણા જ રાજી થયા. ભગતજીને તથા તેમની સાથેના મંડળને પોતાના ડેલામાં ઉતારો આપી તમામ સગવડતાઓ ગોઠવી દીધી. ભગતજીના આગમનથી મંદિરનું વાતાવરણ બદલાઈ ગયું. સવારના મંગળા આરતીનાં દર્શન કરી ભગતજી સભામાં વાતો કરે. શણગારનાં કીર્તનો બોલાવે. વળી, રાજભોગ સુધી સભામાં કથાવાર્તા કરે. તે પછી બપોરની કથામાં પણ પોતે પધારે, 'વચનામૃત' સમજાવે અને બધી વૃત્તિઓ ખેંચી એકચિત્તે બધા પાસે દસ માળા ફેરવાવે. સાંજે પણ ચેષ્ટા સુધી સભામાં બિરાજે ને મહારાજના પુરુષોત્તમપણાની ને અક્ષરરૂપ થવાની અદ્‌ભુત વાતો કરે. વળી, અવારનવાર ગુજરાતના હરિભક્તો પાસે રસોઈઓ અપાવી સેવા કરાવે. તેથી બધાને ભગતજીનો ઘણો ગુણ આવ્યો.

આ વખતે યજ્ઞપુરુષદાસજી મહેમદાવાદમાં હતા. અહીં ઘણા મુમુક્ષુઓને – હરિભક્તોને વાતો કરી, ભગતજીનો મહિમા સમજાવી યજ્ઞપુરુષદાસજી સૌને અમદાવાદ ભગતજીનાં દર્શને મોકલતા.

એક વખત કથાપ્રસંગમાં ભગતજીએ બ્રહ્મચર્યના મહિમાની વાતો કરતાં કહ્યું: 'બ્રહ્મચર્યથી જ ભગવાન વશ થાય છે. બ્રહ્મચર્યવ્રત જે પાળે તેના કપાળમાંથી તેજ છૂટે છે. અને તે નહાય છે ત્યારે એની શિખામાંથી ટપકતાં જે પાણીનાં બુંદ, તેને દેવતાઓ અધ્ધર ઝીલે છે. આવું વ્રત દેવતાઓને પણ દુર્લભ છે. શ્રીજીમહારાજ પ્રગટ થયા ત્યારથી જ આ વ્રત સૌને આગ્રહપૂર્વક પળાવ્યું છે. માટે જેને એકાંતિક ધર્મ સિદ્ધ કરવો હોય તેણે બ્રહ્મચર્ય દૃઢ પાળવું, ઇન્દ્રિયો નિયમમાં રાખવી, એક વાર જમવું, અખંડ ભજન કરવું, ભગવાનનું ધ્યાન કરવું, સ્ત્રી આદિકના સંકલ્પ ન કરવા. એમ વર્તીએ ત્યારે બ્રહ્મચર્ય પળાય. માટે ત્યાગી થઈ એ વ્રત ન પાળે તેને ધિક્કાર છે.'

આ બાજુ યજ્ઞપુરુષદાસજી રોજ સાંજે મહેમદાવાદ સ્ટેશને જાય અને

ભગતજીનાં દર્શન કરીને જે કોઈ પાછું ફર્યું હોય તેને ભગતજીના સમાચાર પૂછે. ભગતજીનાં દર્શનને સતત ઝંખતા યજ્ઞપુરુષદાસજી, તેમનાં દર્શન માટે અધીરા થઈ ગયા. પોતે એક સાધુને લઈને અમદાવાદ પધાર્યા. પહેલાં તો ભગતજીએ એમને આવવા બદલ ઠપકો આપ્યો, પણ બીજા સંતો તથા હરિભક્તોની વિનંતીથી એમને બોલાવ્યા ને રાજીપો બતાવ્યો.

ભગતજી મહારાજના મંડળની રસોઈ હોય ત્યારે આચાર્ય મહારાજ જાતે પંક્તિમાં પીરસવા નીકળતા. આમ, ભગતજી પ્રત્યેનો પોતાનો પક્ષપાત બતાવતા. તેમજ મંદિરના નાના-મોટા સંતો-ભક્તો પણ ભગતજીના પધારવાથી ઘણા જ રાજી થયા હતા, કારણ કે એમના સાંનિધ્યમાં અખંડ બ્રહ્માનંદનું સુખ મળતું. આથી, શહેરના પણ મોટા મોટા ઘણા હરિભક્તો ભગતજીના સ્વરૂપમાં ખેંચાઈને તેમનાં દર્શન-સમાગમ માટે આવતા.

મંદિરના સંતોને ઉદ્દેશીને ભગતજી ઘણી વાતો કરતા. એક વખત સૌને એક ચિત્તે માળા ફેરવવા બેસાડ્યા. પછી બોલ્યા : ‘જેમ વેપારી હોય તે ગોળ, ઘઉં, ઘીના ભાવ ઉપર દૃષ્ટિ રાખે છે, કારણ કે તેને એમાંથી કમાણી કરવાની છે. તેમ આપણે પણ અખંડ ભગવાન તરફ દૃષ્ટિ રાખીએ તો મહારાજની મૂર્તિરૂપી અવિનાશી સુખની કમાણી થાય. ભગવાનને અખંડ સંભારવા, એક ઘડી પણ ભૂલવા નહીં. ત્યાગી થઈને પછી ભગવાનને ભૂલ્યા તો પછી ત્યાગ્યું શું ?’ આમ, ભગવાનમાં જોડાવાની આવી અદ્ભુત વાતો તેઓ સંતોને કરતા.

એક વખતે ભગતજીની આજ્ઞાથી યજ્ઞપુરુષદાસજીએ સત્પુરુષના મહિમાની અદ્ભુત વાતો સભામાં કરી. ભગતજી અતિ રાજી થઈ ગયા અને ઊભા થઈને યજ્ઞપુરુષદાસજીને માથે બે હાથ મૂક્યા. તે જોઈને એક હરિભક્તે કહ્યું : ‘તમે ગૃહસ્થ થઈને સાધુને માથે કેમ હાથ મૂકો છો ?’

‘મેં નથી મૂકયા, સ્વામિનારાયણે મૂક્યા છે,’ એમ ભગતજી સહજ ભાવે બોલી ઊઠ્યા. આવા પરભાવના શબ્દો સાંભળીને તે હરિભક્ત શાંત થઈ ગયા ને ભગતજીનો મહિમા સમજ્યા.

મંદિરમાં હિંડોળાના ઉત્સવો ચાલતા હતા. ભગતજીએ વાત કરતાં કહ્યું :

‘શ્રી નરનારાયણ આ ભરતખંડના રાજા ગણાય. એટલે મહારાજે અહીં મંદિર કરી એમને સૌ પ્રથમ પધરાવ્યા. પરંતુ મહારાજે અહીં ઉગમણી રૂપચોકીમાં આનંદ સ્વામીનો હાથ પકડીને કહ્યું હતું કે – ‘આવા અનંત

અવતારો આ મૂર્તિનું એક પગે ઊભા રહીને ભજન કરે છે.' એવી રીતે શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના સમજવી. હું તો કેવળ દરજી છું તે બે ટાંકા તોડું છું અને બે ટાંકા સાંધું છું – દ્રવ્ય અને સ્ત્રી જીવમાંથી કાઢું છું અને ભગવાન ને સાધુ જીવમાં ઘાલું છું.'

થોડા દિવસ સુખ આપીને યજ્ઞપુરુષદાસજીને મહેમદાવાદ જવાની રજા આપી; ભણવાની આજ્ઞા કરી અને કહ્યું: 'આવો નાનો દેહ તે મંડળ શોભે નહીં. મંડળધારીને જબરું શરીર જોઈએ.' એમ ગમ્મત કરી.

યજ્ઞપુરુષદાસજીએ ઠાકોરજીની મૂર્તિ લીધેલી. તે પ્રસાદીની કરવા ભગતજીને આપી. ભગતજી તે જોઈ રાજી થયા અને જાણે પ્રત્યક્ષ જોતા હોય તેમ બોલ્યા: 'નાસિકા મોટી છે, મહારાજને આવી નહોતી.'

ભગતજીએ તે મૂર્તિને એક કલાક પોતાની છાતી ઉપર રાખી. પછી યજ્ઞપુરુષદાસજીને આપી.

અહીં મંદિરમાં હાથ ધોવાની ધૂળનાં ગાડાં આવેલાં. તે પાર્ષદો ખાલી કરતા હતા. ભગતજી પણ તે સેવામાં ભળી ગયા અને ટોપલીઓ ભરી ભરીને ખાલી કરવા લાગ્યા. તેથી એમની સાથેના સૌ હરિભક્તો પણ સેવા કરવા લાગ્યા. ગાડાં ઝડપથી ખાલી થઈ ગયાં. આવા મોટા ભક્તરાજ પણ આવી નાની સેવા નિર્માનીપણે કરે તે જોઈને મંદિરમાં સૌ સાધુ તથા હરિભક્તોને ભગતજીનો બહુ ગુણ આવ્યો.

## ૨૫. ભગતજીનું આકર્ષણ

વડોદરામાં રાવસાહેબનાં પત્ની સીતાબાને પાંચ દિવસ સુધી સમાધિમાં મહારાજ સાથે ભગતજીનાં દર્શન થયાં. તેથી તેઓ બહુ ગળગળા થઈ ગયાં. રાવસાહેબે ભગતજીને વડોદરા તેડાવ્યા. પ્રત્યક્ષ દર્શન, સેવા કરી બંને રાજી થયાં.

અહીં મંદિરમાં ભગતજીએ રંગાચાર્યજીને ભગવાનના કલ્યાણકારી ગુણના ધારક સંતમાં જોડાવાની વાત કરી અને એ જ વિદ્વત્તાનું મૂલ્ય છે – એમ સમજાવતાં કહ્યું: 'શાસ્ત્રો વાંચીને ભગવાનના કલ્યાણકારી ગુણનું મનન ન કર્યું હોય, તો એ વિદ્વત્તા કામની નથી.' યજ્ઞપુરુષદાસજીના સમાગમથી રંગાચાર્યજીને તો ભગતજીમાં સાચા સત્પુરુષનો ભાવ દૃઢ થયો હતો.

પોતાના સમાગમમાં અખંડ રહેતા કેટલાક ગૃહસ્થ હરિભક્તોને ભગતજી

શ્વેતધર્મના (લાલ લૂગડું ન જોવું) નિયમ આપતા અને નિર્વાસનિક કરતા. વળી, ભજનની રીત શીખવતા અને કહેતા: 'ઉઘાડે નેત્રે મટકું જીતીને ભજન કરો.'

પોતે ઉઘાડે નેત્રે મટકા રહિત ભજન કરી બતાવતા. વળી, એ સ્થિતિમાં રહી મહારાજની મૂર્તિનું નખશિખ વર્ણન કરતા. આથી, સૌ બહુ આશ્ચર્ય પામતા.

પછી ભગતજી મહુવા જવા નીકળ્યા. વઢવાણ સુધી ગુજરાતના હરિભક્તો વળાવવા આવ્યા.

આ વખતે મહુવા જઈને ભગતજીએ પોતાના હરિભક્તોના સુખને માટે અઢાર હજાર માળા ફેરવી. પોતે અખંડ ધ્યાનમાં બેસતા, ભજન કરતા ને હરિભક્તોને કહેતા: 'કામ કરતા જવું ને ભગવાન ભજતા જવું. શ્રીજી-મહારાજે સોમલાખાચરને કહેલું કે મૂર્તિ અંતરમાં ઉતારી લેજો ને સંભારી રાખજો, પછી રોવું પડશે.'

અહીં ભગતજીનો સમાગમ કરવા ગુજરાતથી ઘણા હરિભક્તો આવતા. આ દરમિયાન ભગતજીના પરમ કૃપાપાત્ર એકાંતિક સંતવર્ય સ્વામી વિજ્ઞાન-દાસજી અમદાવાદમાં ભગતજીનો સમાગમ કરીને આચાર્ય મહારાજની આજ્ઞાથી છપૈયા ગયા હતા. ત્યાં ટૂંકી માંદગી ભોગવી તેઓ અક્ષરનિવાસી થયા. આથી, ભગતજીના હેતવાળા સૌ હરિભક્તોને ખૂબ જ દુ:ખ થયું.

ભગતજીનો મહિમા ગુજરાતમાં ઘણો વિસ્તરતો હતો. ભરૂચના ગર્ભ-શ્રીમંત ગણપતભાઈ 'વચનામૃત'ના સારા જાણકાર હતા. તેમને ભગતજીનો મહિમા સમજાયો. તેઓ પીજના જેઠાભાઈ સાથે વલસાડથી વહાણમાં બેસીને મહુવા જવા નીકળ્યા. દરિયામાં તોફાનને લીધે તેઓ ઘણા ભયમાં મુકાયા હતા પણ ભગતજીએ સૌની રક્ષા કરી. સહીસલામત સૌ મહુવા પહોંચી શક્યા.

અહીં ભગતજીનાં દર્શન, સમાગમથી ગણપતભાઈને બહુ ભાવ થયો. 'સત્પુરુષ મોક્ષનું દ્વાર છે' એવો મહિમા સમજાયો. અને ભગતજીએ પણ એમને 'વચનામૃત'નાં રહસ્યો સમજાવ્યાં. વળી, અંતરની ઘણી વાતો કહી, તેથી એમને વિશેષ પ્રતીતિ થઈ. એમને શુદ્ધ મુમુક્ષુ જાણી, ભગતજીએ ખૂબ આશીર્વાદ આપ્યા અને સત્સંગનો યોગ કાયમ રાખવાની આજ્ઞા કરી.

પાછા ફરતાં એમની રેલવેમાં જવાની ઇચ્છા હતી પણ ભગતજીની આજ્ઞાથી વહાણમાં જ નીકળ્યા. કોઈ તકલીફ પડી નહીં ને એક દિવસમાં જ ઘેર પહોંચી ગયા.

આ રીતે અનેક કષ્ટો વેઠીને હરિભક્તો ભગતજીનો સમાગમ કરવા મહુવા જતા.

એક વખત ગુજરાતના હરિભક્તોનો સંઘ મહુવા આવ્યો. તે બંદરેથી ગામમાં ભજન કરતાં કરતાં સૌ નીકળ્યા. સીધા મંદિરે આવી સૌએ ભગતજીનાં દર્શન કર્યાં. આ જોઈ એક લુહાણો હરિભક્ત, કોઈની ચડવણીથી એકદમ તે હરિભક્તોને જેમ તેમ બોલવા લાગ્યો. ત્યાં એક બ્રાહ્મણ દ્વેષી હરિભક્ત આવ્યો. તેણે તો ભગતજીને એક ધોલ મારી દીધી. ભગતજી કંઈ બોલ્યા નહીં. ગુજરાતના હરિભક્તોથી આ સહેવાયું નહીં. તેથી એને ધક્કો મારીને પાછો પાડ્યો.

પાછળથી ભગતજીએ તે હરિભક્તોને ઠપકો આપતાં કહ્યું: ‘આપણે સહન કરવું.’ વળી બોલ્યા: ‘ભગવાનના ભક્તનો પક્ષ રાખવો.’

એવી રીતે મહુવામાં પણ થોડો દ્વેષભાવ જાગ્રત થયો હતો, પણ ભગતજીના પ્રતાપથી કોઈ કાંઈ ઉપાધિ કરી શકતું નહીં. ભગતજીએ આ હરિભક્તોને ખૂબ સુખ આપી વિદાય કર્યા. પાછળથી વરતાલ સમૈયામાં સંતોના ઉપદ્રવથી હરિભક્તોને મહુવા જવાની પણ બંધી કરવામાં આવી હતી, પણ શૂરવીર હરિભક્તોએ કોઈની મહોબતમાં ન લેવાતાં ભગતજીનાં દર્શને મહુવા આવવાનું ચાલુ રાખ્યું હતું.

જે હરિભક્તો મહુવા ભગતજીના સમાગમ માટે આવતા તેમને અખંડ ભગતજીનાં દર્શન-સમાગમનો લાભ મળતો. પાત્રતા પ્રમાણે ભગતજી પણ સૌને સુખ આપતા. ભગતજી કહેતા: ‘જેવા મહારાજ અક્ષરધામમાં છે એવા જ અહીં મનુષ્યાકારે છે, તેમાં તલમાત્ર ફેર નથી – એમ સમજશો ત્યારે જ સર્વ કાર્ય સિદ્ધ થશે. બધાને આ જડભરત જેવા થવું પડશે. તે વગર સુખ નહીં આવે. આ નરકકુંડ જેવા વિષયસુખમાં પડ્યા રહીએ તે કરતાં અક્ષરધામમાં ચાલ્યા ન જઈએ ?’ ભગવાન ને સંતમાં જોડાવાની અદ્‌ભુત વાતો ભગતજી કરતા.

## ૨૬. ગઢડામાં જળઝીલણીનો સમૈયો

સંવત ૧૯૫૨માં જળઝીલણીના સમૈયા ઉપર ભગતજી ગઢપુર પધારે તેવી ગોઠવણ યજ્ઞપુરુષદાસજીએ આચાર્ય મહારાજને મળીને કરી હતી. પછી સૌ હરિભક્તોને પણ તેની જાણ કરી. સૌ ગઢડા ભેગા થયા.

આ સમૈયા પ્રસંગે આચાર્ય મહારાજ તથા મોટા મોટા સદ્‌ગુરુઓના

આસને, તેમજ લક્ષ્મીવાડીએ અને મંદિરે સૌ સંતો-હરિભક્તોને ભગતજી દર્શનનું સુખ આપતા. કોઠારીએ બંધી કરી હતી, એટલે ભગતજી વાતો ઓછી કરતા.

'ભગવાનનું સુખ કેવું હશે?' એવો પ્રશ્ન આચાર્ય મહારાજે ભગતજીને પોતાને આસને બોલાવીને પૂછ્યો, ત્યારે ભગતજીએ કહ્યું હતું કે –

'ભગવાનના સુખમાં જે આસક્ત થયો હોય તેનાં નેત્રમાં સુખની શેડ્યો આવે અને દસ ઇન્દ્રિયો અને ચાર અંતઃકરણ ઠરી જાય. જેને ભગવાનના સુખનો અનુભવ થયો હોય તેનું મન ભગવાનની મૂર્તિને મૂકીને બીજે આસક્ત થાય જ નહીં. મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે જે ગુરુમુખી થાય તેને જ એ સુખનો અનુભવ થાય છે.' આ રીતે આચાર્ય મહારાજ પ્રસંગોપાત્ત ભગતજીના સમાગમનો લાભ લઈ લેતા અને કૃતાર્થપણું અનુભવતા.

હેતવાળા સંતોની સભામાં ભગતજી સ્પષ્ટ વાતો કરતા. તેઓ કહેતા: 'ભગવાનના એકાંતિક સંતને વિષે આત્મબુદ્ધિ એ જ કલ્યાણનું અસાધારણ સાધન છે. શ્રીજીમહારાજે મોક્ષની ચાવી એવા સંતને આપી છે અને સંત એ મોક્ષનું દ્વાર બતાવ્યું છે. એવા સંતને મન, કર્મ, વચને સેવીને એકાંતિક ધર્મ સિદ્ધ કરવો પરંતુ તેમનો દ્રોહ ન કરવો. નાગડા બાવાઓએ મહારાજને તલવારથી ડારો દઈને લીલી ભાજી તોડવાનું કહ્યું. મહારાજે ન તોડી અને કહ્યું: 'અમારો દયાળુ સ્વભાવ છે પણ જો કોઈ ભગવાનના ભક્તને ક્રૂર દૃષ્ટિએ જુએ તો એની આંખ ફોડી નાખીએ અને હાથે કરીને ભગવાનના ભક્તને દુઃખવે તો તેનો હાથ કાપી નાખીએ એવો તેનો અભાવ આવે છે.' માટે કોઈ દ્રોહ કરશે તો હેરાન થઈને મરવું પડશે એ સિદ્ધાંત સમજવો.'

પછી સંતોએ પૂછ્યું: 'તમે ધ્યાન કેવી રીતે કરો છો?'

ત્યારે ભગતજી કહે:

'મને ધ્યાન કરતાં નથી આવડતું. હું સ્વામીની કૃપાથી આ દેહ ભૂલી જાઉં છું અને તમે બેઠા છો એમ મહારાજની મૂર્તિ દેખું છું. શબ્દ આવે તો કાનની વૃત્તિ ખેંચી લઉં છું. એટલું આવડે છે બીજું નથી આવડતું. માટે જેને ભગવાનને પામવા હોય, તેને ઇન્દ્રિયો, અંતઃકરણ જીતવાં અને શૂરવીર થવું.'

'ખરું જ્ઞાન થયું ક્યારે કહેવાય? તો જેમ તલવાર ને મ્યાન નોખાં ખખડે, તેમ દેહ ને આત્મા નોખાં જણાય ત્યારે જ્ઞાન થયું કહેવાય. અંતઃકરણમાં ભગવાન સિવાય બીજો સંકલ્પ ન ઊઠે. સંકલ્પને કાઢી નાખે!'

પછી બોલ્યા: ‘દેહ ઇન્દ્રિયો, અંતઃકરણરૂપી બહારવટિયા કેડે પડ્યા હોય તેને ઊંઘ કેમ આવે? કામ-ક્રોધાદિક દોષો આગળ ગરીબ ન થવું, એની આગળ વાઘ થવું અને મહારાજને પ્રાર્થના કરવી: મારા અંતરમાં બિરાજો.’

આ પ્રકારે બ્રહ્મરૂપ થઈને ભગવાનમાં જોડાવાની અદ્ભુત વાતો કરી.

આ સમૈયામાં હરિભક્તોએ યજ્ઞપુરુષદાસજીના ભણવા વિષે ભગતજીની આજ્ઞા માગી. ભગતજીએ કહ્યું: ‘રાજકોટ વ્યવસ્થા થાય તો ભણવું. પણ કાશી જવાની જરૂર નથી. આ યજ્ઞપુરુષદાસજી તો હરિભક્તોનાં અંતર ચોખ્ખાં કરવાની સાવરણી છે. તે પરદેશ જશે તો હરિભક્તો શું કરશે?’

એક વખત ભગતજી માના ભગતને આસને બેઠા હતા. તેમણે ભગતજીને શિખામણ આપતાં કહ્યું: ‘થોડા દિવસ જીવવું ને આ તમારા બાબુલા જેવા શિષ્યોમાં બંધાતા નહીં, નહીં તો સૌને ધામમાં લઈ જવા પડશે.’

એટલે ભગતજીએ તેમને કહ્યું:

‘આ હરિભક્તોને બાબુલા કહેવાય જ કેમ? હું તો આ હરિભક્તોને બ્રહ્મની મૂર્તિ દેખું છું. એમને બાબુલા કહીએ તો જીવ નાશ પામી જાય. મહારાજની ઇચ્છા હોય તો આવા ભગવદી ભેગું તો જન્મોજન્મ રહીએ.’

‘ગમે એટલી આત્માની વાતો કરો પણ આત્મારૂપ ન થવાય. મહિમાએ સહિત ભક્તિ જોઈએ. જેમ દસ-બાર વર્ષની કન્યા હોય અને તેને ક્ષય રોગ લાગુ પડે તો તે કન્યા યુવાન થયા મોર જ મરી જાય. તેમ માહાત્મ્ય વિનાની ભક્તિ પરિપક્વ થતી નથી, અંતે નાશ પામે છે; પણ જેના હૃદયમાં માહાત્મ્ય સહિત ભક્તિ હોય તો બીજા કલ્યાણકારી ગુણ ન હોય તો પણ તેના હૃદયમાં સર્વે આવે છે.’ આ પ્રમાણે કથાવાર્તાનું અલૌકિક સુખ સૌને આપી ભગતજી મહુવા પધાર્યા.

## ૨૭. જૂનાગઢમાં અપૂર્વ સન્માન

સત્સંગમાંથી વિમુખ થયા ત્યારે ભગતજીએ જૂનાગઢ મંદિર છોડ્યું હતું. પછી અનેક ઉપાધિ અને આચાર્ય મહારાજની આજ્ઞા વગર જૂનાગઢ જવાનો ખાસ પ્રસંગ આવ્યો ન હતો. પરંતુ યજ્ઞપુરુષદાસજીને વિચાર આવ્યો કે ‘જ્યાં ભગતજીનું અપમાન થયું હતું ત્યાં જ તેમનું ભવ્ય સન્માન થવું જોઈએ.’

યજ્ઞપુરુષદાસજીએ આ પ્રમાણે વિચારી સંવત ૧૯૫૩માં જૂનાગઢમાં

જન્માષ્ટમીના સમૈયા ઉપર ભગતજીને પધારવા, આચાર્ય મહારાજને મળીને આજ્ઞાપત્ર લખાવ્યો.

ભગતજી જૂનાગઢ પધાર્યા. જૂનાગઢ સ્ટેશનથી જ તેમનું આચાર્ય મહારાજની સાથે વાજતે-ગાજતે સામૈયું થયું. આચાર્ય મહારાજની જેમ જ ભગતજી તથા સાથેના હરિભક્તોને એક સુશોભિત ગાડી(બગી)માં પધરાવ્યા હતા. મંદિરમાં પણ ઉતારાની ઉત્તમ સગવડ કરી હતી. આ બધી યોજના યજ્ઞપુરુષદાસજીની ગોઠવેલી હતી. કોઠારી જીભાઈનો પણ સહકાર હતો.

'ભગતજી જૂનાગઢ પધાર્યા છે' તે સમાચાર ગામમાં સૌને મળ્યા. તેથી સૌ નાગર હરિભક્તો ભગતજીનાં દર્શને આવ્યા. સ્વામીના મળેલા જૂના સંતો – બાળમુકુંદદાસજી તથા જાગા સ્વામીનો અહીં ભગતજી સાથે મેળાપ થયો. પોતાના હેતવાળા હરિભક્તો પાસે ભગતજીએ અહીં મંદિરમાં રસોઈ અપાવી. સંતો-હરિભક્તોને ખૂબ પ્રેમથી જમાડ્યા.


સમૈયાના દિવસો દરમિયાન ભગતજી પોતે રોજ સભામંડપમાં પધારતા. વળી, આચાર્ય મહારાજ પાસે અને મોટા મોટા સદ્‌ગુરુઓના આસને તથા જાગા સ્વામીને આસને પણ જતા. દરેક જગ્યાએ કથાવાર્તાના પ્રસંગ નીકળતા. અહીંના જૂના સંતો તથા હરિભક્તો સૌ ભગતજીને ઓળખતા કે સ્વામીના આ પરમ કૃપાપાત્ર શિષ્ય છે અને સ્વામીને એમણે ખરેખરા રાજી કર્યા છે. તેથી ઘણા સંતો ભગતજીને દંડવત્ પણ કરતા.

આથી, એક નાગર હરિભક્ત ડૉ. ઉમિયાશંકરે પોતાના ગુરુ બાળમુકુંદ-દાસજીને પૂછ્યું: 'આ પ્રાગજી ભગત જેવા દરજી ઢોલિયા ઉપર બેસે અને સંતો એમને દંડવત્ કરે?'

ત્યારે સ્વામી હસીને બોલ્યા: 'પ્રાગજી ભગતને તો તમે ઓળખતા નથી. ગુણાતીતાનંદ સ્વામીને તો એમણે એવા રાજી કર્યા છે કે સોનાના સિંહાસનમાં એમને બેસારી, સોનાની આરતી ઉતારીએ તો પણ ઓછું છે.'

આ પ્રસંગે જૂનાગઢના સ્વામીના કૃપાપાત્ર નાગર હરિભક્તો ચકુભાઈ, સદાશંકરભાઈ વગેરે પણ ભગતજીને જોઈ ગદ્‌ગદ થઈ ગયા. જૂના જૂના પ્રસંગોની સ્મૃતિ કરીને તેઓ બોલ્યા: 'પ્રાગભા! પ્રાગભા! તમે તો સ્વામીનાં ચારેય આંચળ પી લીધા. એક ડબકોય બીજા સારુ રહેવા દીધો નહીં!'

ભગતજી પણ તેમને સૌને મળીને ઘણા જ રાજી થયા.



પોતે સ્વામીનો સમાગમ કેવી રીતે કર્યો? કેવી રીતે પોતે સ્વામીની આજ્ઞા પાળી અને સેવા કરી? તે બધી પ્રસાદીની વાતો ભગતજી અહીં સંતો-હરિભક્તોને કરતા. બ્રહ્મરૂપ થઈ ભગવાનમાં જોડાવાની વાતો કરી હરિભક્તોને સુખમાં તરબોળ કરી દેતા. ભગતજી કહેતા:

'જાણપણારૂપ દરવાજે રહેવું અને પોતામાં કયા ગુણ પ્રવર્તે છે તે ઓળખવું, તો મોટાપુરુષની કૃપા થાય જ. મોટાપુરુષ પોતા જેવા કરી દે. સત્પુરુષનો સંબંધ થયો પણ સત્પુરુષ પાસે જે સચ્ચિદાનંદ બ્રહ્મનું સુખ છે તે લેવાય નહીં તો સંબંધ શા કામનો? માટે ભજનાનંદી થવું. અને પરમાનંદી ઓળખવા. આનંદ ત્રણ પ્રકારનો છે:

'વિષયાનંદી જક્ત હૈ, ભજનાનંદી હરિદાસ;
પરમાનંદી જીવનમુક્ત હૈ, જ્યાકી ભયી વાસના નાશ.'

'પરમાનંદી સંતને વિષે જીવ જડી દઈએ તો એવો આનંદ આવે.'

'મોટાપુરુષના ગુણ લેવાનો સ્વભાવ છે એ જ ભક્તિ છે. ભક્તિ જીવરૂપ છે. દેહમાં ઇંદ્રિયો-અંતઃકરણ હોય પણ જીવ ન હોય તો શા કામનું? તેમ વૈરાગ્ય, જ્ઞાન, ધર્મ સર્વે હોય પણ ભક્તિરૂપ-જીવ ન હોય તો સર્વે નકામું છે. માટે ભક્તિ એ જીવ છે, વૈરાગ્ય એ પગ છે, ધર્મ એ હૃદય છે અને જ્ઞાન એ આંખ છે. જીભે કરીને ભજન કરે અને અધર્મ સર્ગને પેસવા ન દે તો બ્રહ્મરૂપ થઈ જાય.'

'મનુષ્ય કરતાં પ્રાણીને વધારે ખપ હોય છે. કૂતરું હોય તેને બટકું રોટલો દઈએ, તો વાંસે ફરે. હડે કરીએ તો જતું રહે પણ પાછું આવે અને ઘર સાચવે. તેમ કૂતરા જેવો સ્વભાવ હોય તો પણ ઠીક. આ તો જરાક માનખંડન થાય કે ઠા રહે નહીં. બાકી રોટલો તો સત્સંગમાં છે એમ જરૂર જાણજો.'

'ગ્રંથિઓ તૂટવી ઘણી કઠણ છે. જો સંપૂર્ણ વૈરાગ્ય આવે તો સ્નેહગ્રંથિ તૂટે, ભગવાનના સ્વરૂપનો નિશ્ચય થાય તો સંશયગ્રંથિ તૂટે, જ્ઞાન થાય તો અહંગ્રંથિ તૂટે, આત્મનિષ્ઠા થાય ત્યારે મમત્વગ્રંથિ તૂટે અને સંપૂર્ણ ધર્મ આવે ત્યારે મૈથુનગ્રંથિ કે હૃદયગ્રંથિ તૂટે છે.'

આ સમૈયામાં જાગા સ્વામી અને ભગતજી એકબીજાના આસને જતા અને કથાવાર્તા કરતા. જાગા સ્વામી સર્વ હરિભક્તોને ભગતજીના મહિમાની ઘણી વાતો કરતા અને કહેતા: 'ભગતજી તો સ્વામીના સ્થાપેલા ગુણાતીત બાગના

ગુરુ છે, તે આજે આપણને એમનો યોગ થયો છે તે પરમ ભાગ્યની વાત છે.'

જાગા સ્વામીની વાતોનું ભગતજી સમર્થન કરતા અને કહેતા:

'આ લોકમાં જેટલા વિષય છે તે જો મળે તો આ લોકમાં દેહે કરીને સુખિયો રહે, પણ અંતે ઘોરતમ નરકને પામે. સંતસમાગમથી જ અંતઃકરણ શુદ્ધ થાય છે.' તે ઉપર દૃષ્ટાંત કહ્યું: 'એક વૈષ્ણવ ભક્ત નાહી-ધોઈ પવિત્ર રહે, આહાર-વિહાર શુદ્ધ કરે. એટલે અંતઃકરણ સ્થિર રહે અને ભજનનું સુખ આવે. કોઈ કામ પ્રસંગે શેઠને બહારગામ જવાનું થયું. પૂજા કરવા બેઠા પણ વૃત્તિ સ્થિર થઈ નહીં. એણે ઘરધણીને આનું કારણ પૂછ્યું. તેણે કહ્યું: 'તમે જે કૂવાનું પાણી ભરી લાવ્યા છો તે અશુદ્ધ છે.' પછી તે બીજા કૂવાનું પાણી લાવ્યા. વૃત્તિ સ્થિર થઈ. આહાર-વિહારની શુદ્ધિ હોય તો જ અંતઃકરણ સ્થિર થાય. અંતઃકરણ શુદ્ધ થાય તો જ ભગવાનની સ્મૃતિ રહે.

'આ જીવ પોતાના દેહને જાળવે છે. સાંજ પડે હવા ખાવા જાય. એમ અનેક પ્રકારે દેહને સુખી રાખવા મંડી પડ્યો છે. પણ જ્યાં સુધી ગુરુને મન સોંપ્યું નથી, ત્યાં સુધી કંઈ જ કર્યું નથી. માટે ઇંદ્રિયો, અંતઃકરણને દાબીને વર્તવું, વિષય સન્મુખ જવા દેવાં જ નહીં. પંચવિષયનું જે સુખ છે તે લાંપડાના તાપ જેવું છે. તે આગળ સળગતું જાય ને પાછળ ઓલાતું જાય. પણ જીવ પંચવિષયનો બંધાણી થઈ ગયો છે.'

યજ્ઞપુરુષદાસજી પાસે ગુરુ-મહિમાના શ્લોકો બોલાવી વાતો કરાવી પછી પોતે કહ્યું:

'અંતરનું અજ્ઞાન ટાળે તે ગુરુ. વળી, જે બહાર તથા માંહી પવિત્ર હોય તે ગુરુ. જેને જોઈને મન ચલાયમાન ન થાય અને વૃત્તિ સ્થિર થાય તે ગુરુ. પોતાના આશ્રિતના દોષ ટાળી શુદ્ધ કરે તે ગુરુ કહેવાય. મુમુક્ષુ થઈને ખોળા કરે તો સાચા ગુરુ મળી જાય. માટે બ્રાહ્મીસ્થિતિવાળા પુરુષ ઓળખવા.'

'એક વાછરું પોતાની માથી છૂટું પડીને ગૌશાળે ગયું, પણ ત્યાં તો પોઠિયા ઊતરેલા, તે દૂધ પીવા જ્યાં મોઢું નાખે ત્યાં પાટુ ખાય. તે પાટુ ખાઈને મોઢું સૂજી ગયું પણ દૂધનું સુખ ન આવ્યું. પછી પોતાની માને પણ ધાવવા સમર્થ ન થયું. તેમ સાચા પુરુષને મૂકીને બીજે વળગે છે તે પાટુ ખાય છે.'

'માટે પારેવા જેવું થવું. પારેવા ઊંચેથી ઊંધે માથે પડે છે, તેનો ધણી તેને ઝીલી લે છે. એમ જો આજ્ઞામાં ટૂકટૂક વર્તીએ અને સત્પુરુષને દેહ સોંપી

દઈએ, તો કંઈ બાકી રહે નહીં. દેહને ખાસડા જેવું કરીને પારેવાની પેઠે પડતું નાખવું એટલે જાળવનાર જાળવશે.'

આ રીતે જૂનાગઢના આ સમૈયામાં પધારી ભગતજીએ યજ્ઞપુરુષ-દાસજીના બધા મનોરથ પૂરા કર્યા. સમાગમનું ખૂબ સુખ આપ્યું. તેમજ બીજા પણ સૌ હેતવાળા હરિજનોને સુખિયા કર્યા.

પછી આચાર્ય મહારાજ અને સંતોની રજા લઈને નીકળ્યા. જાગા સ્વામીને તો છૂટા પડતાં આંખમાં આંસુ આવી ગયાં. સ્વામીના કૃપાપાત્ર બંને ભક્તો ખૂબ મળ્યા (ભેટ્યા) ને છેલ્લી વિદાય લીધી. ભગતજી ગોંડલ પધાર્યા.

## ૨૮. અંતિમ લીલા

ગોંડલમાં યજ્ઞપુરુષદાસજીએ ભણવાનું પૂછ્યું. એટલે ભગતજીએ કહ્યું: 'શાસ્ત્ર સંબંધી વિદ્યા ભણ્યા છો અને બ્રહ્મવિદ્યા પણ મેં પૂરી ભણાવી લીધી છે. હવે કંઈ અધૂરું નથી. હવે તો તમે જેમ સુખિયા રહો છો તેમ સૌને સુખિયા કરો.' એમ સંત-હરિભક્તોને સુખિયા કરવાની આજ્ઞા આપી યજ્ઞપુરુષદાસજીને સૌના ગુરુપદે સ્થાપ્યા અને ખૂબ આશીર્વાદ આપ્યા.

મહુવા પહોંચી ભગતજીએ મંદવાડ ગ્રહણ કર્યો. જાણે ધામમાં જવા સંકલ્પ ન કર્યો હોય! કેટલાક હરિભક્તોને પણ છેલ્લાં દર્શન માટે મહુવા બોલાવ્યા. મુંબઈથી જેઠા ભગત કોઠારનું કામ છોડી ભગતજીની સેવામાં આવી ગયા. ગુજરાતમાંથી પણ ગામોગામથી હરિભક્તો દર્શને આવવા લાગ્યા.

ભગતજીએ અન્ન છોડી દીધું હતું. તેથી દિવસે દિવસે સ્થિતિ ઘણી જ ગંભીર થતી જતી હતી. છતાં ભગતજી સૌને ધીરજ આપતા અને વાતો પણ કરતા.

અન્નકૂટને દિવસે મંદિરમાં દર્શને પધાર્યા ત્યારે હજારો હરિભક્તોએ એમનાં દર્શનનો લાભ લીધો, ત્યારે પોતે બોલ્યા હતા: 'મારાં જેને એક વખત દર્શન થયાં હશે, તેને હું અક્ષરધામમાં લઈ જઈશ.'

હરિભક્તો ભગતજીને આ લોકમાં વધુ રહેવા અવારનવાર બહુ સ્તુતિ કરતા, તેમજ તેમને ઉદાસ ન થવા પણ પ્રાર્થના કરતા.

ચાણસદથી વૈદ્ય મનસુખભાઈ આવ્યા. ભગતજીની તાસીર પ્રમાણે થોડું ઔષધ તથા દૂધ આપ્યાં; પણ ભગતજીએ તે અંગીકાર ન કર્યું.

યજ્ઞપુરુષદાસજીને મહુવા આવવા ભગતજીએ ના પાડી હતી. તેમનું મન તો અખંડ ભગતજી પાસે જ હતું. એમણે ભગતજી મહારાજને વિનંતી-પત્ર લખીને સાજા થવા પ્રાર્થના કરી, પણ ભગતજીની દેહની સ્થિતિ વધારે કથળતી જતી હતી. હરિભક્તો ભગતજીની સર્વપ્રકારે સેવા કરતા પણ એમનો મંદવાડ જોઈને સૌ બહુ દુ:ખી થતા.

સંવત ૧૯૫૪ના કાર્તિક સુદ ૧૩ના સવારથી જ ભગતજી મહારાજની સ્થિતિ ગંભીર બની ગઈ હતી. રોજ તો નાહી-ધોઈ પૂજા કરતા, પણ આજે દેહની ક્રિયા કરવાની પણ શક્તિ ન હતી. પ્રભુદાસ વગેરે હરિભક્તો ભગતજીની આસપાસ વીંટળાઈ ગયા. ભગતજી એકદમ બોલવા લાગ્યા : 'મને વરતાલ લ્યો.'

પછી એકાએક પથારીમાં બેઠા થઈ ગયા અને સ્વસ્તિક આસન વાળીને, નાડીપ્રાણ સંકેલી સમાધિસ્થ થઈ ગયા. એ પ્રમાણે એકવૃત્તિ કરી ભગતજી સ્વતંત્ર થકાં અક્ષરધામમાં પધાર્યા. હરિભક્તો આ ચેષ્ટા સમજી શક્યા નહીં. પછી ખાટલામાં સૂવાર્યા. નાડી જોઈ પણ તે બંધ પડી ગઈ હતી.

જાણે વીજળી પડી હોય તેમ સૌ અવાક્ બની ગયા ! સૌ પોકે પોકે રોવા લાગ્યા. પછી કોઠારી જેઠા ભગતે સૌને શાંત કર્યા.

ભગતજીને ભોંય ઉપર લીધા. એમની આગળ અખંડ ધૂન શરૂ કરી.

થોડી વારમાં આ દુ:ખદ સમાચાર સર્વત્ર પહોંચી ગયા. આખા ગામમાં ભગતજીના પ્રત્યે સૌને ભાવ. તેથી હજારો મનુષ્યો દર્શને ભેગા થઈ ગયા. ભગતજીએ અગાઉથી કહ્યું હતું કે મારી અંતિમ ક્રિયા અમારી જ્ઞાતિની રીત પ્રમાણે કરશો પણ સુખડ વગેરે લાવશો નહીં.

તે પ્રમાણે માલણ નદીને કાંઠે ફૂલચંદ શેઠની વાડીમાં બીજે દિવસે સવારે વિધિપૂર્વક ભગતજીના પંચભૌતિક દેહનો અગ્નિસંસ્કાર હજારો હરિભક્તોની હાજરીમાં થયો.

આ સમાચારથી યજ્ઞપુરુષદાસજીને જાણે વજ્રપાત થયો હોય તેમ જણાયું. અતિશય દુ:ખ થયું. ઘણા ઉદાસ થઈ ગયા. સ્નાન કરવા જતા હતા ત્યાં એકાએક પડી ગયા. એટલામાં ભગતજી મહારાજે તેમને દર્શન દીધાં અને બોલ્યા : 'હું ક્યાં ગયો છું, તમારામાં અખંડ રહ્યો છું.' એમ કહી પોતાની કોટમાં ગુલાબ ને મોગરાનો હાર હતો તે યજ્ઞપુરુષદાસજીને પહેરાવ્યો.

તેમના એક જોડિયા સંતને આ દર્શન થયાં. યજ્ઞપુરુષદાસજીનો શોક દૂર થઈ ગયો. શ્રીજીના આ ગર્ભિત શબ્દોથી સૌને સમજાયું કે મહારાજ, યજ્ઞપુરુષ-દાસજી - શાસ્ત્રીજી મહારાજ જેવા પરમ એકાંતિક સંતમાં પ્રગટ જ છે.

## ૨૯. ઐશ્વર્ય દર્શન

સંવત ૧૯૧૪માં ભગતજી મહુવાના હરિભક્તો સાથે જૂનાગઢ સ્વામીનાં દર્શને જતા હતા. પુષ્કળ વરસાદને લીધે રસ્તામાં શેત્રુંજી નદી બે કાંઠે આવી હતી. પાણીમાં તાણ પણ ઘણું હતું. તેથી હોડીવાળા ને બીજા મુસાફરો કાંઠે બેઠા હતા. ભગતજીએ તો હરિભક્તોને હિંમત આપીને કહ્યું: 'આપણે મહારાજ સ્વામીને સંભારીને ઊતરી જઈશું.' એમ કહી પોતે આગળ ચાલ્યા.

હોડીવાળાઓએ ઘણી ના પાડી, પણ મહારાજ ને સ્વામીની મૂર્તિ ધારીને ચાલતા હોય તેને મરવાનો ભય શેનો?

નદીની મધ્યમાં પહોંચ્યા ત્યાં છાતી સુધી પાણી. બહુ તાણ પણ નહીં. ભગતજીની પાછળ હરિભક્તો પણ ચાલ્યા આવ્યા. કાંઠે બેઠેલા હોડીવાળા ને બીજા માણસો તો આ ભક્તોની શ્રદ્ધા ને હિંમત જોઈ જ રહ્યા!

આગળ ચાલતાં એક હરિભક્તને કૂતરું કરડ્યું. ભગતજીએ તેને હાથ ફેરવ્યો ને દર્દ ઓછું થઈ ગયું.



થોડે આગળ ગયા ત્યાં ભગતજીના મોટાભાઈ નરસિંહભાઈને કાળો નાગ કરડ્યો. સૌ ગભરાયા પણ ભગતજીએ સૌને હિંમત આપતાં કહ્યું: ‘મહારાજને પ્રાર્થના કરો. સારું થઈ જશે.’ સ્વામિનારાયણ મંત્રના પ્રભાવથી ને સત્પુરુષના વચને થોડી જ વારમાં પીડા ઓછી થઈ ગઈ.

આગળ જતાં લૂંટારાઓ મળ્યા. તેમને પણ શિરામણ કરવા સાથે બેસાડી યુક્તિપૂર્વક સૌ છટકી ગયા.

આ રીતે ભગતજીના પ્રતાપે અનેક વિઘ્નો આવતાં છતાં મહુવાના હરિભક્તો સ્વામીનો સમાગમ કરવા જવાનું ચૂકતા નહીં.

* * *

સંવત ૧૯૪૩ની સાલમાં ભગતજી હરિભક્તોનો સંઘ લઈને ગઢડા આવતા હતા. રસ્તામાં ખૂબ વરસાદ પડ્યો. અંધારું ઘોર થઈ ગયું. માર્ગ સૂઝે નહીં. વળી, કાંટા કાંકરા પણ બહુ વાગે, એટલે હરિભક્તો બહુ અકળાયા.

પછી ભગતજીએ સૌને એક જગ્યાએ કુંડાળું વાળીને બેસાર્યા. સૌને એકબીજાના અંગૂઠા પકડવાની આજ્ઞા કરી અને આંખો મીંચી ભજન કરવા કહ્યું. થોડી વાર પછી સૌને જગાડ્યા. ત્યાં બધાના આશ્ચર્ય વચ્ચે સૌએ જોયું તો સૌ ગઢડામાં ઘેલા કાંઠે બેઠા હતા. જોતજોતાંમાં ભગતજીએ સૌને ગઢડે મૂકી દીધા.

* * *



એક વાર મહુવાના કાનજી દરજી, ભગતજી સાથે ગઢપુર ગયા હતા. અહીં બંને ઠાકોરજીના વાઘા સીવતા હતા. વરતાલથી આચાર્ય મહારાજ પણ ગઢડે પધાર્યા. તેથી સૌ એમનું સામૈયું કરવા ગયા. ભગતજી પણ કાનજીભાઈ સાથે મહારાજનાં દર્શને ગયા. મહારાજ ભગતજીને જોઈ રાજી થયા ને પોતાની કોટમાં ગુલાબનો હાર હતો તે ભગતજીને આપ્યો. ભગતજીએ તે પ્રસાદીનો હાર કાનજીભાઈને આપ્યો. ત્યારથી કાનજીભાઈ ને મહારાજની ને સ્વામીની મૂર્તિ અખંડ દેખાવા લાગી. ત્રણ વર્ષ પછી એમનાં લગ્ન થયાં એટલે મૂર્તિ દેખાતી બંધ થઈ.

* * *

મહુવામાં કોલેરાનો રોગચાળો ફેલાયો. તેમાં વિઠ્ઠલભાઈના દીકરાની વહુને પણ કોલેરા થયો. ભગતજી પાસે કોઈ કોલેરાના દર્દી સાજા થવા માટે પ્રાર્થના કરતા ત્યારે ભગતજી તેમને હનુમાનજીને તેલ ચઢાવવાનું કહેતા અને તેમને સારું થઈ જતું. વિઠ્ઠલભાઈએ પણ હનુમાનજીને તેલ ચઢાવ્યું પણ મટ્યું નહીં. તેથી ભગતજી પાસે આવીને વિનંતી કરી કહ્યું: 'હનુમાનજીને તેલ ચઢાવ્યું તો પણ મટતું નથી.'

'તેલ ચઢાવવાનું કોણે કહ્યું હતું?' ભગતજીએ પૂછ્યું.

'આપ બધાને આજ્ઞા કરો છો તેથી તે પ્રમાણે કર્યું.'

'એમ મનધાર્યું કરો તો કામ ન થાય. અમારી આજ્ઞાથી હવે ફરી જાવ ને શ્રીજીમહારાજના પ્રસાદીના હનુમાન છે તેને તેલ ચઢાવો,' ભગતજીએ હસીને કહ્યું. તે પ્રમાણે કરવાથી તેના દીકરાની વહુને તુરત સારું થઈ ગયું.

* * *

સંવત ૧૯૫૧માં ભગતજી મહુવામાં હતા. એક બ્રાહ્મણ તેમને ઘેર આવ્યો ને ભગતજીના નેત્રની કીકી સામે અનિમિષ દૃષ્ટિએ જોઈ રહ્યો.

ભગતજીએ તેને કહ્યું: 'મહારાજ! શું જુઓ છો? અહીં તો રૂંવાડે રૂંવાડે શ્રીજીમહારાજ છે.'

તે સાંભળી બ્રાહ્મણ બોલ્યો: 'ભગતજી તમારી વાત સાચી છે. મને પણ તમારાં બંને નેત્રની કીકીમાં શ્રીજીમહારાજનાં દર્શન થાય છે. તેથી તો હું આમ જોઈ રહ્યો છું.'

* * *

છેલ્લી માંદગી વખતે ભગતજીની સ્થિતિ ઘણી જ ગંભીર હતી. બિલકુલ પથારીવશ હતા. તેમાં અન્નકૂટનો સમૈયો આવ્યો. મહુવા મંદિરમાં અન્નકૂટ ભગતજી તરફથી થયો. ભગતજીએ મંદિરે જવાનો સંકલ્પ કર્યો. બધા હરિભક્તોને તો અતિ આશ્ચર્ય થયું. અન્નકૂટને દિવસે ભગતજી એકદમ પથારીમાં બેઠા થઈ ગયા. નવાં વસ્ત્રો પહેર્યાં. માથે મોળિયું બાંધ્યું ને ખભે ખેસ નાંખ્યો. અને યોગકળા ધારણ કરીને બે સેવકોનો હાથ પકડી ચાલવા માંડ્યું. હરિભક્તો વાહનની વ્યવસ્થા કરતા રહી ગયા.

ભગતજી મંદિરમાં પધાર્યા. ઠાકોરજીનાં દર્શન કરી ઘુંમટમાં જ જમણી બાજુના બીજા થાંભલે અઢેલીને બેઠા. હજારો હરિભક્તો અન્નકૂટનાં દર્શને આવેલા. સૌએ ભગતજીની મનોહર મૂર્તિનાં પણ દર્શન કર્યાં અને મનોમન ભગતજીની પ્રશંસા કરવા લાગ્યા.

પછી ફૂલચંદભાઈના પિતાશ્રી ખીમજીભાઈ સિગરામ લઈને આવ્યા હતા. તે ભગતજી સિગરામમાં બેસીને ઘેર આવતા હતા. રસ્તામાં જેઠા ભગતને ભગતજીએ કહ્યું : 'આજે જેણે જેણે મારાં દર્શન કર્યાં છે તેનું કલ્યાણ થઈ ગયું.'

કેવી મહદ્ કૃપા !